सत्यमेव जयते

## ગુજરાત સરકાર

# ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩

# PART IX

## Gujarati Translation of Bill, Acts and Notification other than these published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૫મી એપ્રિલ, ૨૦૦૩.

તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૩ના ગુજરાત રાજ્ય પત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૩ના ગુજરાત અધિનયમ ક્રમાંક ૨૦નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ડી.ડી. ઉપાધ્યાય,
સરકારના નાયબ સચિવ.

# ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩


| કલમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| **પ્રકરણ ૧** | **પ્રારંભિક** | |
| ૧ | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ | ૩ |
| ૨ | વ્યાખ્યા | ૩ |
| **પ્રકરણ ૨** | **આપત્તિ વ્યવસ્થાપન માટેના સત્તામંડળો** | |
| ૩ | આપત્તિ વ્યવસ્થાપન માટેના સત્તામંડળ | ૮ |
| **પ્રકરણ ૩** | **રાજ્ય સરકારના કાર્યો** | |
| ૪ | રાજ્ય સરકારના કાર્યો | ૯ |
| **પ્રકરણ ૪** | **રાજ્ય સરકારના વિભાગોનાં કાર્યો** | |
| ૫ | સરકારનાં વિભાગોનાં કાર્યો | ૧૨ |
| **પ્રકરણ ૫** | **સત્તામંડળની સ્થાપના અને સંસ્થાપન** | |
| ૬ | સત્તામંડળની સ્થાપના અને સંસ્થાપન | ૧૫ |
| ૭ | સત્તામંડળની રચના | ૧૫ |
| ૮ | સત્તામંડળની બેઠક | ૧૭ |
| ૯ | કાર્યવાહીઓ યોગ્ય અને કાયદેસર ગણાશે | ૧૮ |
| ૧૦ | સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓ | ૧૯ |
| ૧૧ | રાજ્ય રાહત કમિશનર | ૨૦ |
| **પ્રકરણ ૬** | **સત્તામંડળનાં કાર્યો** | |
| ૧૨ | સત્તામંડળના અમુક કાર્યો | ૨૧ |
| ૧૩ | માહિતીનું એકત્રિકરણ | ૨૨ |
| ૧૪ | માહિતીનો સંગ્રહ કરવા બાબત | ૨૨ |
| ૧૫ | આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ | ૨૩ |
| ૧૬ | જાગૃતિ અને સજ્જતા | ૨૫ |
| ૧૭ | સમુચિત સત્તામંડળને કરવાની ભલામણો બાબત | ૨૬ |
| ૧૮ | રાહત | ૨૭ |
| ૧૯ | પુર્નવસન અને પુનઃનિર્માણ | ૨૭ |
| **પ્રકરણ ૭** | **મુખ્ય કારોબારી અધિકારીની સત્તા અને કાર્યો** | |
| ૨૦ | મુખ્ય કારોબારી અધિકારીની સત્તા અને કાર્યો | ૨૮ |
| **પ્રકરણ ૮** | **રાજ્ય રાહત કમિશનરની સત્તા અને કાર્યો** | |
| ૨૧ | સંકટકાલીન રાહત | ૨૯ |
| ૨૨ | કમિશનરનાં બીજાં કાર્યો | ૩૧ |
| **પ્રકરણ ૯** | **કલેક્ટરની સત્તા અને કાર્યો** | |
| ૨૩ | કલેક્ટરની સત્તા અને કાર્યો | ૩૩ |
| ૨૪ | કલેક્ટરની બીજી સત્તા અને કાર્યો | ૩૬ |
| **પ્રકરણ ૧૦** | **સ્થાનિક સત્તામંડળોના કાર્યો** | |
| ૨૫ | સ્થાનિક સત્તામંડળોના કાર્યો | ૩૯ |
| ૨૬ | જિલ્લાઓ માટે આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ | ૪૧ |
| **પ્રકરણ ૧૧** | **પોલીસ દળ, ગ્રામ રક્ષકદળ અને ગૃહ રક્ષકદળ અને નાગરિક સુરક્ષાના કર્મચારીઓ અને અગ્નિશમન સેવાઓની ફરજો;** | |
| ૨૭ | પોલીસ, ગ્રામ રક્ષકદળ, ગૃહ રક્ષકદળ વગેરેની ફરજો | ૪૫ |
| **પ્રકરણ ૧૨** | **સમુદાયો, જાહેરક્ષેત્રના સાહસો અને બીજી એજન્સીઓ અને વ્યક્તિઓની ફરજો** | |
| ૨૮ | સમુદાય જુથો અને યુવા સંગઠનોની ફરજો | ૪૭ |
| ૨૯ | કારખાનાં, ખાનગી અને જાહેરક્ષેત્રનાં સાહસોની ફરજો | ૪૮ |
| ૩૦ | સ્વૈચ્છિક એજન્સીઓની ફરજો | ૪૯ |
| ૩૧ | નાગરિકોની ફરજો | ૫૦ |
| **પ્રકરણ ૧૩** | **વિસ્તારને આપત્તિ સંભવિત વિસ્તાર અથવા આપત્તિગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા બાબત** | |
| ૩૨ | વિસ્તારને આપત્તિ સંભવિત વિસ્તાર અથવા આપત્તિગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા બાબત | ૫૧ |
| **પ્રકરણ ૧૪** | **નાણાં, હિસાબો, ઓડિટ અને અહેવાલ સત્તા મંડળનું ફંડ** | |
| ૩૩ | સત્તા મંડળનું ભંડોળ | ૫૫ |
| ૩૪ | નાણાં ઉછીનાં લેવા બાબત | ૫૬ |
| ૩૫ | અંદાજપત્ર | ૫૬ |
| ૩૬ | હિસાબો અને ઓડીટ | ૫૭ |
| ૩૭ | વાર્ષિક અહેવાલ | ૫૮ |
| **પ્રકરણ ૧૫** | **ગુના અને શિક્ષા** | |
| ૩૮ | ગુના અને શિક્ષા | ૫૯ |
| ૩૯ | ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત | ૬૦ |
| ૪૦ | કંપનીઓએ કરેલા ગુના | ૬૦ |
| **પ્રકરણ ૧૬** | **પ્રકીર્ણ** | |
| ૪૧ | દાખલ થવાની સત્તા | ૬૨ |
| ૪૨ | કાર્યોની સોંપણી | ૬૨ |
| ૪૩ | સત્તામંડળને આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા | ૬૩ |
| ૪૪ | આદેશો આપવાની સત્તા | ૬૪ |
| ૪૫ | સભ્યો અને કર્મચારીઓ રાજ્યસેવક ગણાશે | ૬૪ |
| ૪૬ | અધિનિયમ હેઠળ લીધેલાં પગલાંને રક્ષણ | ૬૪ |
| ૪૭ | નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા | ૬૫ |
| ૪૮ | વિનિયમો કરવાની સત્તામંડળની સત્તા | ૬૫ |
| ૪૯ | મંડળીનું વિસર્જન | ૬૬ |
| ૫૦ | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા | ૬૮ |
| ૫૧ | અપવાદ | ૬૮ |

## GUJARAT ACT NO. 20 OF 2003.

## THE GUJARAT STATE DISASTER MANAGEMENT ACT, 2003

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને નામદાર રાજ્યપાલશ્રીએ સન ૨૦૦૩ના

એપ્રિલ મહિનાની ૪થી તારીખે અનુમતિ આપી હોવાથી,

તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વી.એમ.કોઠારે,

ગુજરાત સરકારના સચિવ.

## GUJARAT ACT NO. 20 OF 2003.

## AN ACT

*to provide for effective management of disaster, for mitigation of effects of disaster for administering, facilitating, co-ordinating and monitoring emergency relief during and after occurrence of disasters and for implementing, monitoring and co-ordinating measures for reconstruction and rehabilitation in the aftermath of disasters, in the State of Gujarat and for these*



*purposes to establish Gujarat State Disaster Management Authority and to specify other agencies and for matters connected therewith or incidental thereto.*

## સન ૨૦૦૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક, ૨૦.

(નામદાર રાજ્યપાલશ્રીની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૩ના એપ્રિલ મહિનાની ૫મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો)

ગુજરાત રાજ્યમાં આપત્તિના અસરકારક વ્યવસ્થાપન માટે, આપત્તિની અસરો ઘટાડવા માટે, આપત્તિની ઘટના દરમિયાન અને ત્યારબાદના સંકટ રાહત કાર્યનું સંચાલન કરવા, તેને સરળ બનાવવા, સંકલન કરવા અને દેખરેખ નિયંત્રણ રાખવા માટે અને ગુજરાત રાજ્યમાં આપત્તિ બાદના પુનઃનિર્માણ અને પુનર્વસન માટેના પગલાનો અમલ કરવા દેખરેખ-નિયંત્રણ અને સંકલન કરવા માટે અને આ હેતુઓ માટે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ સ્થાપવા અને બીજી એજન્સીઓ નિર્દિષ્ટ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના ચોપનમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

## પ્રકરણ ૧

## પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,-

(ક) "અસરગ્રસ્ત વિસ્તાર" એટલે કલમ ૩૨ની પેટા કલમ (૨)ના ખંડ (ક) હેઠળ જાહેર કરેલ હોય તેવો વિસ્તાર;

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો

(ખ) "સમુચિત સત્તામંડળ"નો અર્થ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૨ ના ખંડ (૩)માં જે અર્થ આપ્યો છે તે જ થશે;

(ગ) "સત્તામંડળ" એટલે કલમ ૬ની પેટા-કલમ (૧)હેઠળ સ્થપાયેલ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ;

(ઘ) "ક્ષમતા ઉભી કરવી" એટલે કોઈપણ આપત્તિને પહોંચી વળવાની ક્ષમતા ઉભી કરવી અને તેમાં

(૧) કોઈ આપત્તિ સંબંધી વિદ્યમાન સંસાધનો નક્કી કરવા અને આ અધિનિયમના હેતુ માટે સંસાધનનું સંપાદન કરવું;



(૨) સંસાધનોનું સંપાદન કરવું અથવા તે ઉભી કરવી, સ્થાનિક સમુદાયોના જૂથોનું સંગઠન કરવું અને તાલીમ આપવી; અને

(૩) આવી તાલીમનું સંકલન કરવું;

(ચ) "અધ્યક્ષ "એટલે સત્તામંડળના અધ્યક્ષ;

(છ) "મુખ્ય કારોબારી અધિકારી" એટલે સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારી;

(જ) "કમિશનર" એટલે કલમ ૧૧ હેઠળ નીમાયેલ રાજ્ય રાહત કમિશનર;

(ઝ) "આપત્તિ" એટલે રાજ્યના કોઈપણ ભાગમાં બનતી કુદરતી અથવા અન્ય પ્રકારની, ખરેખર અથવા સંભવિત ઘટના જેનાથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત બને અથવા બનવાની આશંકા હોય:-

(૧) સ્થાવર અને જંગમ બન્ને મિલકતને વ્યાપક હાનિ અથવા નુકશાન; અથવા

(૨) માનવ જિંદગીની વ્યાપક ખુવારી અથવા માનવોને ઈજા અથવા બીમારી; અથવા

(૩) પર્યાવરણને નુકસાન અથવા અવનતિ થાય અને પેટા કલમો (૧) થી (૩) માં નિર્દિષ્ટ કરેલ અસરો પૈકી કોઈપણ અસર એવી હોય કે પોતાની સાધન સંપત્તિનો ઉપયોગ કરીને તેને પહોંચી વળવાનું અસરગ્રસ્ત સમુદાયની ક્ષમતા બહારનું હોય અને જેનાથી સમુદાયનું સામાન્ય

કામકાજ ખોરંભે પડે;

(ટ) "આપત્તિ વ્યવસ્થાપન" એટલે નીચેની બાબતોના હેતુ માટેનાં પગલાંના આયોજન અને અમલીકરણની સળંગ અને સંકલિત પ્રક્રિયા અનુસાર પગલાં હાથ ધરવાઃ-

(૧) આપત્તિને હળવી કરવી અથવા તેનું જોખમ ઘટાડવું;

(૨) આપત્તિની તીવ્રતા અથવા અસરને હળવી કરવી;

(૩) (આપત્તિને પહોંચી વળવાની) ક્ષમતા ઉભી કરવી;

(૪) તાકીદની તૈયારી;

(૫) આપત્તિની અસરોનો ક્યાસ કાઢવો;

(૬) તાકીદની રાહત અને બચાવવાની જોગવાઈ કરવી; અને

(૭) આપત્તિની ઘટના બાદ પુનર્વસન અને પુનર્નિર્માણ પુરું પાડવું;

(ઠ) "તાકીદની તૈયારી" એટલે સંભવિત અથવા ખરેખર આપત્તિને અથવા આપત્તિની અસરોને પહોંચી વળવા મધ્યસ્થ વ્યક્તિઓને રાહત એકત્રિત કરી, સંગઠિત કરવા અને પૂરી પાડવા સક્ષમ બનાવે તેવી તૈયારીની સ્થિતિ;

(ડ) "સ્થાનિક સત્તાંડળ" એટલે સંબંધિત સ્થાનિક સત્તામંડળ કાયદા હેઠળ રચાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગર



પંચાયત, મ્યુનિસિપલ કાઉન્સિલ, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત, નોટિફાઈડ એરિયા સમિતિ અથવા કેન્ટોનમેન્ટ બોર્ડ;

(ઢ) "સભ્ય" એટલે સત્તા મંડળનો સભ્ય;

(ત) "મિટીગેશન" એટલે આપત્તિનો પ્રભાવ અથવા અસરો ઘટાડવાના ઉદ્દેશથી લેવાનાં પગલાં;

(થ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલ;

(દ) "નિવારણ" એટલે જેનો ઉદ્દેશ, આપત્તિની ઘટના બનતી ટાળવાનો હોય તેવાં પગલાં;

(ધ) "પુનઃનિર્માણ" એટલે આપત્તિ પછી હાથ ધરેલ મિલકતની મરામત અને નિર્માણ;

(ન) "વિનિયમો" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા વિનિયમો;

(પ) "પુનવર્સન" એટલે જેનો ઉદ્દેશ, આપત્તિના કારણે ઉભી થયેલી સ્થિતિને સામાન્ય સ્થિતિમાં પૂર્વવત કરવાનો હોય તેવી કોઈપણ પ્રવૃત્તિ;

(ફ) "સંબંધિત સ્થાનિક સત્તામંડળનો કાયદો" એટલે

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો

(૧) શહેરના સંબંધમાં મુંબઈ પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯;

સન ૧૯૬૭નો ગુજરાતનાં ૩૪મો

(૨) મ્યુનિસિપલ બરો, વચગાળાના વિસ્તાર, નાના શહેરી વિસ્તાર અને નોટિફાઈડ એરિયાના

સન ૧૯૬૩નો ગુજરાતનો ૧૮મો સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩;

સન ૧૯૨૪નો ૨જો (૩) ગામ, તાલુકા અને જિલ્લાના સંબંધમાં, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(૪) કેન્ટોનમેન્ટના સંબંધમાં, કેન્ટોનમેન્ટ અધિનિયમ, ૧૯૨૪;

(બ) "રાહત" એટલે આપત્તિના કારણે થયેલી કોઈપણ યાતના, પીડા, ઈજા અથવા આફત અથવા હાડમારી ઘટાડવા અથવા ઓછી કરવા આપત્તિની જાહેરાત દરમિયાન અથવા તે પછી તાત્કાલિક લીધેલ પગલાં;

(ભ) "મધ્યસ્થ વ્યક્તિ" માં, આપત્તિ વયવસ્થાપનને લગતી પ્રવૃત્તિઓમાં કોઈપણ રીતે સહભાગી બનતી હોય તેવી;

(૧) કોઈપણ રાજ્ય સરકાર;

(૨) કોઈપણ વૈધાનિક કાર્યકારી;

(૩) વિદેશી સ્વૈચ્છિક એજન્સીઓ સહિત સ્વૈચ્છિક એજન્સીઓ; અને

(૪) સત્તાધિકારીએ નક્કી કરેલ કોઈ બીજી વ્યક્તિનો સમાવેશ થાય છે.



### પ્રકરણ ૨

## આપત્તિ વ્યવસ્થાપન માટેના સત્તામંડળો

૩. આ અધિનિયમના ઉદ્દેશો પાર પાડવાના હેતુઓ માટે, નીચેના સત્તામંડળો રહેશે:- આપત્તિ વ્યવસ્થાપન માટેના સત્તામંડળ.

(ક) રાજ્ય સરકાર;

(ખ) ગુજરાત રાજ્ય આપત્તિ વયવસ્થાપન સત્તામંડળ;

(ગ) સરકારી વિભાગોના વડા;

(ઘ) કમિશનર;

(ચ) જિલ્લાના કલેક્ટર;

(છ) સ્થાનિક સત્તામંડળો

## પ્રકરણ ૩

## રાજ્ય સરકારના કાર્યો

રાજ્ય સરકારનાં કાર્યો

૪. (૧) રાજ્ય સરકારે, કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા તમામ સત્તામંડળો અને મધ્યસ્થ વ્યક્તિઓએ, આપત્તિનું વ્યવસ્થાપન કરવાના હેતુ માટે અને તેની અસરો ઘટાડવાના હેતુ માટે જરૂરી અથવા ઈષ્ટ હોય તેવાં વ્યાજબી પગલાં લેવાં જોઈશે, એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે;

(૨) ખાસ કરીને અને પેટા-કલમ (૧) ની જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા પગલાંમાં નીચેનાં પગલાંનો સમાવેશ થશેઃ-

(ક) યોગ્ય નીતિઓ અને માર્ગદર્શિકાઓ વિકસાવવામાં આવે છે તે સુનિશ્ચિત કરવું;

(ખ) સંકટ વ્યવસ્થાપન જૂથ નામે ઓળખાતા જૂથની અને જરૂરી હોય તેવા બીજા મંડળો (એન્ટિટી) સ્થાપવા અને આવું જૂથ અથવા મંડળ (એન્ટિટી) વિનિયમોથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવાં કાર્યો બજાવશે;

(ગ) રાજ્ય વહીવટીતંત્ર અને સ્થાનિક સત્તામંડળોએ તેની પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે સત્તામંડળે જણાવેલી માર્ગદર્શિકાઓને વિચારણામાં લેવી જોઈશે તે સુનિશ્ચિત કરવું;



(ઘ) વિસ્તૃત સંદેશા વ્યવહાર અને ટેકનોલોજી નેટવર્ક સ્થાપવામાં આવે અને નિભાવવામાં આવે તે સુનિશ્ચિત કરવું;

(ચ) આપત્તિ વ્યવસ્થાપનને લગતી સાધનસામગ્રી, સાધનોની અને આપત્તિ વ્યવસ્થાપનના સંબંધમાં સેવાઓની પ્રાપ્તિ સુગમ બનાવવી અને તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવી;

(છ) આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવામાં આવે અને આપત્તિના વ્યવસ્થાપન માટે તાલીમ આપવામાં આવે તે સુનિશ્ચિત કરવું;

(જ) જોખમ તબદીલી, જોખમ વહેંચણીની અને ખર્ચ વહેંચણીની ગોઠવણીને પૂરતા પ્રમાણમાં ઉત્તેજન આપવું;

(ઝ) આપત્તિ વ્યવસ્થાપન માટે પૂરતા પ્રમાણમાં ફંડ ઉપલબ્ધ છે તે સુનિશ્ચિત કરવું;

(ટ) રાબેતા મુજબની સ્થિતિ લાવવા માટે યોગ્ય પગલાં સુનિશ્ચિત કરવાં; અને

(ઠ) આપત્તિને ઝડપથી વધતી અટકાવવા અથવા

આપત્તિની અસરોને હળવી કરવા, કાબૂમાં રાખવા અથવા ઓછી કરવા માટે જરૂરી હોય તેવાં પગલાં લેવો અને એવા આદેશો કરવા;

(૩) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર, આ અધિનિયમ હેઠળ તેની સત્તા વાપરતી વખતે અને તેના કાર્યોની બજવણી વખતે, આપત્તિને કારણે ઉભું થતું તોળાઈ રહેલું નુકશાન નિવારવા અથવા તેની અસર ઓછી કરવાના હેતુ માટે, વ્યક્તિ અથવા સત્તામંડળને લેખિતમાં તેવો આદેશ આપી શકશે અને આવી વ્યક્તિએ અથવા સત્તામંડળે આવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૪) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર, આ અધિનિયમ હેઠળની પોતાની સત્તા વાપરતી વખતે અને પોતાના કાર્ય બજાવતી વખતે, આપત્તિને પહોંચી વળવાને લગતી જરૂરી કાર્યવાહીને અટકાવતો હોય, અવરોધતો હો અથવા તેને વિલંબમાં નાખતો હોય તેવો કોઈ હુકમ હોય તો, તેનો અમલ મોકૂફ રાખી શકશે.



## પ્રકરણ ૪

## રાજ્ય સરકારના વિભાગોનાં કાર્યો

૫. (૧) રાજ્યના સરકારી વિભાગોએ, - સરકારના વિભાગોનાં કાર્યો

(ક) સંદેશાવ્યવહાર કેન્દ્રો સ્થાપવામાં, આકસ્મિક યોજના તૈયાર કરવામાં, ક્ષમતા ઉભી કરવામાં, માહિતી એકત્રીકરણમાં, કર્મચારીગણ નક્કી કરવામાં અને તાલીમ આપવામાં, સત્તામંડળ, કમિશનર, કલેક્ટર અને સ્થાનિક સત્તામંડળને સહાય પૂરી પાડવી જોઈશે;

(ખ) કમિશનર અને કલેક્ટરની દેખરેખ હેઠળ રાહત કામગીરી પાર પાડવી જોઈશે;

(ગ) નુકશાનનો ક્યાસ કાઢવો જોઈશે અને સત્તામંડળે ઘડેલી માર્ગદર્શિકા અનુસાર પુનનિર્માણ અને પુનર્વસનનાં કાર્યો પાર પાડવાં જોઈશે; અને

(ઘ) આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરી હોય તેવાં પગલાં લેવાં અને સત્તામંડળ, કમિશનર અને કલેક્ટરને સહાય પૂરી પાડવી જોઈશે.

(૨) સરકારના દરેક વિભાગે, સત્તામંડળની દેખરેખ હેઠળ,-

(ક) (૧) આપત્તિ વ્યવસ્થાપનના ખ્યાલ અને સિધ્ધાંતો લાગુ પાડી શકાય તે રીતે;

(૨) રાજય આપત્તિ વ્યવસ્થાપનના સંબંધમાં વિભાગની ભૂમિકા અને જવાબદારીઓ;

(૩) તાકીદની રાહત અને આપત્તિ પછીના પુર્નસ્થાપન અને પુનર્વવસાટના સંબંધમાં વિભાગની ભૂમિકા અને જવાબદારીઓ;

(૪) વિભાગની ભૂમિકા અને જવાબદારીઓ પૂર્ણ કરવાની ક્ષમતા અનુસાર;

(૫) આપત્તિ વ્યવસ્થાપનને લગતી વ્યૂહરચનાની બાબતો; અને

(૬) વ્યૂહરચના માટેનાં નાણાંકીય પગલાં સહિત આપત્તિની ઘટના સમયે અનુસરવાની વ્યૂહરચના અને કાર્યરીતિઓ, જણાવતી આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવી જોઈશે;

(ખ) બીજા વિભાગો, સ્થાનિક સત્તામંડળો, સમુદાયો અને મધ્યસ્થ વ્યક્તિઓ સાથે યોજનાની તૈયારી અને અમલીકરણનું સંકલન કરવું જોઈશે;



(ગ) યોજનાની નિયમિત રીતે સમીક્ષા કરવી જોઈશે અને તેને અદ્યાવત્ રાખવી જોઈશે; અને

(ઘ) સત્તામંડળને આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અને તેમાંના કોઈ સુધારા સાદર કરવા જોઈશે.

## સત્તામંડળની સ્થાપના અને સંસ્થાપન

સત્તામંડળની સ્થાપના અને સંસ્થાપન

૬. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી અમલમાં આવે તેમ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ એ નામનું સત્તામંડળ સ્થાપશે.

(૨) સત્તામંડળ, શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને તેના સંસ્થાપિત નામથી તે દાવો માંડી શકશે અને તેની સામે દાવો માંડી શકાશે. આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, જંગમ અને સ્થાવર બન્ને મિલકત સંપાદન કરવા, ધરાવવા અને તેનો નિકાલ કરવા અને કરાર કરવા અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી તમામ કાર્યો કરવા સક્ષમ રહેશે.

(૩) સત્તામંડળનું મુખ્યમથક રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે.

(૪) સત્તામંડળ, રાજ્ય સરકારની મંજુરીથી, પોતે ઉચિત ગણે તેવા, રાજ્યની અંદરના અથવા બહારના એવા બીજા સ્થળોએ કચેરીઓ સ્થાપી શકશે.

સત્તામંડળની રચના

૭. (૧) સત્તામંડળ, નીચે પ્રમાણે અધ્યક્ષ અને ચૌદ કરતાં વધુ ન હોય તેવા બીજા સભ્યોનું બનેલું રહેશે :-



(ક) રાજ્યના મુખ્યમંત્રી, જે હોદ્દાની રૂએ અધ્યક્ષ ગણાશે;

(ખ) મુખ્યમંત્રીએ રાજ્યના મંત્રી મંડળમાંથી તેમના હોદ્દાની રૂએ તેમાંથી નામ નિયુક્ત કરવાના બે મંત્રીઓ;

(ગ) રાજ્યના મુખ્ય સચિવ, હોદ્દાની રૂએ;

(ઘ) ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સચિવ, હોદ્દાની રૂએ;

(ચ) સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારી, હોદ્દાની રૂએ;

(છ) રાજ્ય રાહત કમિશનર, હોદ્દાની રૂએ;

(જ) રાજ્યના પોલીસ મહાનિયામક, હોદ્દાની રૂએ;

(ઝ) રાજ્ય સરકાર દ્વારા તેમના હોદ્દાની રૂએ નીમવામાં આવે તેવા રાજ્ય સરકારના બીજા અધિકારીઓ :

પરંતુ સંવિધાનના અનુચ્છેદ ૩૫૬ હેઠળ કરેલી ઉદ્‌ઘોષણા રાજ્યમાં અમલમાં હોય ત્યારે, કેન્દ્ર સરકાર, સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યો તરીકે, મુખ્યમંત્રી અને બીજા બે મંત્રીઓને બદલે ત્રણ વ્યક્તિઓને નીમી શકશે અને એવી રીતે

નિયુક્ત થયેલી વ્યક્તિઓએ, આવી ઉદ્દઘાષણા રદ થયે અથવા તેના અમલ બંધ થયે પોતપોતાના હોદ્દા ખાલી કરવા જોઈશે.

(૨) સત્તામંડળના સભ્યો, રાજ્ય સરકારની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે અને ઠરાવવામાં આવે તેવા મહેનતાણા તેઓ મેળવશે.

સત્તામંડળની બેઠક

૮. (૧) સત્તામંડળની બેઠકો વિનિયમોથી જોગવાઈ કરવામાં આવે તેવા સમયે અને સ્થળોએ મળશે અને પોતાની બેઠકોમાં (આવી બેઠકોમાં કોરમ સહિતના) પોતાના કામકાજના સંચાલન સંબંધી કાર્યરીતિના એવા નિયમોનું પેટા કલમ (૨)ને આધીન રહીને પાલન કરશે.

(૨) બેઠક યોજવા માટેના નિયત સમયે અધ્યક્ષ હાજર હોય તો તે, આવી બેઠકના અધ્યક્ષસ્થાને રહેશે અને, અધ્યક્ષ ગેરહાજર હોય તો, વરિષ્ઠ મંત્રી અથવા તેની ગેરહાજરીમાં બીજા મંત્રી અને બન્ને મંત્રીઓની ગેરહાજરીમાં, હાજર સભ્યો, પ્રસંગ માટે અધ્યક્ષ તરીકે બેઠકમાં પોતાનામાંથી પસંદ કરે તેવો સભ્ય અધ્યક્ષ તરીકે રહેશે.

(૩) સત્તામંડળની બેઠકોમાં ઉપસ્થિત થતા તમામ પ્રશ્નોનો નિર્ણય, હાજર રહીને મત આપતા બહુમતી સભ્યો દ્વારા કરવામાં આવશે અને મતો સરખા પડે તે પ્રસંગે, અધ્યક્ષને બીજો અથવા નિર્ણાયક મત રહેશે અને તે વાપરી શકશે.



(૪) (ક) સત્તામંડળે કરેલ અથવા તેના વતી કરવામાં આવેલ અથવા કરવા ધારેલ કોઈ કરાર અથવા ગોઠવણ અથવા સુચિત કરાર અથવા ગોઠવણમાં પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે સંબંધ અથવા હિત ધરાવતા હોય તેવા દરેક સભ્યે, પોતાના સંબંધ અથવા હિતનો પ્રકાર સત્તામંડળની બેઠકની પહેલાં અથવા બેઠકમાં જાહેર કરવો જોઈશે;

(ખ) જો આવો સભ્ય, પ્રત્યક્ષ અથવા પરોક્ષ કોઈ પણ રીતે કરાર અથવા ગોઠવણમાં સંબંધ અથવા હિત ધરાવતો હોય તો, સત્તા મંડળે કરેલ અથવા તેના વતી કરેલ અથવા કરવા ધારેલ કોઈ કરાર અથવા ગોઠવણ પરની ચર્ચામાં ભાગ લઈ શકશે નહિ અથવા મત આપી શકશે નહિઃ

પરંતુ આવા કોઈ કરાર અથવા ગોઠવણમાં સંબંધ અથવા હિત ધરાવતી કંપનીની કુલ ભરપાઈ થયેલી ઈક્વિટી શેરમૂડીના બે ટકાથી ઓછી શેરમૂડી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધરાવતા શેરહોલ્ડર તરીકે હોવાના કારણસર કોઈ સભ્ય ઉપર જણાવ્યા મુજબ પોતે સંબંધ કે હિત ધરાવતો હોવાનું ગણી શકાશે નહિ.

કાર્યવાહીઓ યોગ્ય અને કાયદેસર ગણાશે.

૯. સત્તામંડળનું કોઈ કાર્ય અથવા કાર્યવાહી:-

(ક) તેમાંની કોઈ ખાલી જગા અથવા તેની રચનામાં કોઈ

ખામી, અથવા

(ખ) કેસના ગુણદોષને અસર ન કરતી હોય તેવી તેની કાર્યરીતિમાંની કોઈ અનિયમિતતાના કારણ માત્રથી જ અમાન્ય ઠરશે નહિ.

સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓ.

૧૦. (૧) રાજ્ય સરકાર, સરકારના સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને, સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમશે, જે, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવાં કાર્યો બજાવશે.

(૨) સત્તામંડળ, પોતાનાં કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા માટે પોતે જરૂરી ગણે તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓને, મુખ્ય કારોબારી અધિકારીના તાબા હેઠળ નીમી શકશે.

(૩) પેટા કલમ (૧) હેઠળ નીમાયેલ મુખ્ય કારોબારી અધીકારી, ઠરાવવામાં આવે તેવા પગાર અને ભથ્થાં મેળવવા હક્કદાર ગણાશે અને ઠરાવવામાં આવે તેવી સેવાની શરતોથી તેનું સંચાલન થશે.

(૪) પેટા કલમ(૨) હેઠળ નીમાયેલા અધીકારીઓ અને કર્મચારીઓ, વિનિયમોથી નક્કી કરવામાં આવે તેવા પગાર અને ભથ્થાં મેળવવા હકદાર ગણાશે અને વિનિયમોથી નક્કી કરવામાં આવે તેવી સેવાની બોલીઓ અને શરતોથી તેમનું સંચાલન થશે.



(૫) સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓ, મુખ્ય કારોબારી અધિકારીએ બહાર પાડેલ સામાન્ય અથવા ખાસ લેખિત હુકમથી તેમના પર લાદવામાં આવે તેવાં કાર્યો બજાવશે.

રાજ્ય રાહત કમિશનર.

૧૧. (૧) રાજ્ય સરકાર, સમગ્ર રાજ્ય માટે, સરકારના સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને સમગ્ર રાજ્ય માટે રાજ્ય રાહત કમિશનર તરીકે નીમી શકશે.

(૨) કમિશનર, આ અધિનિયમથી અથવા તેની હેઠળ આપત્તિ વ્યવસ્થાપનને લગતા પોતાની ઉપર લાદવામાં આવે તેવા કાર્યો બજાવશે.

(૩) કમિશનર, ઠરાવવામાં આવે તેવા પગાર અને ભથ્થાં મેળવવા હક્કદાર ગણાશે અને ઠરાવવામાં આવે તેવી સેવાની શરતોથી તેનું સંચાલન થશે.

## પ્રકરણ ૬

## સત્તામંડળનાં કાર્યો

સત્તામંડળનાં અમુક કાર્યો.

૧૨. (૧) સત્તામંડળ, આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, રાજ્યે, સ્થાનિક સત્તામંડળો, મધ્યસ્થ વ્યક્તિઓ અને જનસમુદાય દ્વારા આપત્તિ નિવારવા અથવા ઓછી કરવા સહિત આપત્તિ વ્યવસ્થાપનની સંગઠિત અને સંકલિત યોજનાને ઉત્તેજન આપવા માટે પ્રાથમિક રીતે જવાબદાર ગણાશે.

(૨) સત્તામંડળ, -

(ક) આવૃત્તિ વ્યવસ્થાપન અને આપત્તિ પછીના પુનઃનિર્માણ, પુનર્વસન, મૂલ્યાંકન અને આકારણી માટે, કેન્દ્રીય આયોજન, સંકલન કરતા અને દેખરેખ નિયંત્રણ કરતા મંડળ તરીકે કાર્ય કરશે;

(ખ) સરકારના મહેસૂલ વિભાગ અને અન્ય વિભાગની તાકીદની રાહતનો અમલ કરવાની જવાબદારી રહેશે તેમ છતાં, તાકીદની રાહતને લગતી નીતિ ઘડવામાં તે રાજ્ય સરકારને મદદ કરશે;

(ગ) આપત્તિ વ્યવસ્થાપનની પ્રગતિ અને સમસ્યાઓ અંગે રાજ્ય સરકાર અને સરકારના વિભાગોને માહિતી આપશે;

(ઘ) આપત્તિ વ્યવસ્થાપન, તાકીદનું આયોજન અને



પ્રતિભાવ અંગે સામાન્ય શિક્ષણ અને જાગૃતિને ઉત્તેજન આપશે;

(ચ) અને તેની આનુષાંગિક બાબતોની જોગવાઈ કરશે.

(૩) રાજ્યમાં, રાજ્ય સરકાર, કલેક્ટર, રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓ અને સ્થાનિક સત્તામંડળો, સત્તામંડળ પોતાને ફરમાવે તેવાં તેનાં કાર્યો બજાવવામાં સત્તામંડળને એવી સહાય અને ટેકો આપશે.

માહિતીનું એકત્રીકરણ

૧૩. (૧) સત્તામંડળ, આપત્તિનાં તમામ પાસાંઓ અને આપત્તિ વ્યવસ્થાપન અંગે પગલાં લેવા અથવા લેવડાવવાને જવાબદાર ગણાશે અને એવી માહિતી એકત્ર કરશે અથવા એકત્ર કરાવશે અને આપત્તિમાં પરિણમે તેવી સંભવિત ઘટનાની અસરોને લગતા સંશોધન અભ્યાસની વ્યવસ્થા કરશે.

(૨) સત્તામંડળ, લેખિત નોટિસથી, કોઈપણ વ્યક્તિને નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદતની અંદર સત્તામંડળને પેટા કલમ (૧)ના હેતુ માટે ઉપયોગી થાય તેવી માહિતી પૂરી પાડવા માટે ફરમાવી શકશે.

(૩) સત્તામંડળે, પેટા કલમ (૨) હેઠળ કોઈ વ્યક્તિએ પૂરી પાડેલી કોઈપણ માહિતી, આ અધિનિયમ હેઠળનાં પોતાનાં કાર્યો બજાવવાના હેતુ માટે હોય તે સિવાય, પ્રગટ ન થાય તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે.

માહિતીનાં સંગ્રહ કરવા બાબત.

૧૪. સત્તામંડળ, આપત્તિ અને આપત્તિ વ્યવસ્થાપનને લગતી માહિતીના સંગ્રાહક તરીકે કાર્ય કરશે અને તેણે -

(ક) સંસ્થાની સ્થાપના કરવી જોઈશે;

(ખ) રાજ્યમાં સંદેશાવ્યવહાર સંપર્કોની સ્થાપના અને તાકીદના સંદેશાવ્યવહારનું માળખું અને પૂર્વ ચેતવણી તંત્રની સ્થાપના સુનિશ્ચિત કરવાં જોઈશે;

(ગ) આપત્તિ વ્યવસ્થાપન કામગીરી માટે જરૂરી માહિતીનો ડેટાબેઝ જાળવવો જોઈશે;

(ઘ) સત્તામંડળનાં હોય તેવાં જ કાર્યો બજાવતી સંસ્થાઓ સહિત ભારત અને બીજા દેશોમાંની આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ સાથે સંદેશાવ્યવહાર સંપર્કોની સ્થાપના સુનિશ્ચિત કરવી જોઈશે.

(ચ) આપત્તિ વ્યવસ્થાપન અંગે માહિતીની આપ-લે કરશે અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાત જાણકારી મેળવવી જોઈશે.

આપત્તિ વ્યવસ્તાપન યોજનાઓ.

૧૫. (૧) સત્તામંડળ, આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવા માટેની માર્ગદર્શિકાઓ અને વ્યૂહરચનાઓ વિકસાવશે અથવા વિકસાવડાવશે અને તેમને અદ્યાવત રખાવશે અને યોજનાઓ અને વ્યૂહરચનાઓની તૈયારી માટે સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવા, સરકારના વિભાગો, સ્થાનિક સત્તામંડળો અને વ્યક્તિને સહાય કરશે અને તેનું સંકલન કરશે.

(૨) પેટા કલમ (૧) હેઠળ યોજના તૈયાર કરતી વખતે, યોજના તૈયાર કરતા સત્તામંડળે, નીચેની બાબતોને ધ્યાનમાં લીધા પછી યોજનામાં યોગ્ય જોગવાઈ કરવી જોઈશેઃ-

(ક) સંભવિત આપત્તિના ઘટનાના પ્રકાર અને તેની સંભવિત અસરો માટે;



(ખ) જોખમમાં હોય તેવા સંબધિત સમુદાયો અને મિલકત;

(ગ) નિવારણ અને આપત્તિને પહોંચી વળવા માટેની ઉચિત વ્યૂહરચના કરવાની જોગવાઈ;

(ઘ) આપત્તિની તજવીજ કરવા માટેની અક્ષમતાઓ મુકર્રર કરવાની અને ક્ષમતા ઉભી કરવાની બાબતને ઉત્તેજન આપવું;

(ચ) રાજ્યમાં વિકાસ યોજનાઓ, કાર્યક્રમો અને તેવી બીજી પ્રવૃત્તિઓ દ્વારા આપત્તિ અટકાવવા અને તેની અસરો ઓછી કરવા માટે વ્યૂહરચનાઓના સંકલનને સરળ બનાવવાની;

(છ) આપત્તિના સ્વરૂપ અને તેની અસરોના પરિમાણના મૂલ્યાંકન માટેની જોગવાઈ;

(જ) આપત્તિના પ્રસંગે રાહત, પુનર્વસન અને પુનર્નિર્માણ માટેની યોજનાઓ સહિત નીચેની બાબતોની જોગવાઈ કરતી [illegible]ગિક યોજનાઓઃ

(૧) જુદી જુદી મધ્યસ્થ વ્યક્તિઓની (સ્ટેક હોલ્ડર્સ) જવાબદારીઓની ફાળવણી અને તેમની જવાબદારીઓ પાર પાડવા, સંકલન કરવા;

(૨) આવશ્યક વસ્તુઓની ઉપલબ્ધિ અને આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટે;

(૩) વ્યૂહાત્મક સંદેશાવ્યવહાર સંપર્કોની

સ્થાપના કરવા માટે;

(૪) માહિતીનો પ્રસાર કરવા માટે; અને

(૫) વિનિયમોમાં જોગવાઈ કરવામાં આવે તેવી અન્ય બાબતો માટે;

(ઝ) સત્તામંડળો ફરમાવે તેવી બીજી કોઈ બાબત.

(૩) સત્તામંડળ, રાજ્ય માટેની બૃહદ યોજના તૈયાર કરશે અથવા કરાવડાવશે અને તે નિભાવશે.

જાગૃત અને સજ્જતા.

૧૬. (૧) સત્તામંડળ, સંભવિત આપત્તિઓ અંગે પગલાં લેવા માટે સમુદાય અને મધ્યસ્થ વ્યક્તિઓની (સ્ટેક હોલ્ડર્સની) ક્ષમતા વધારવાના હેતુથી,-

(ક) આ અર્થે માર્ગદર્શિકાઓ અને ભલામણો પ્રસિધ્ધ કરીને;

(ખ) તેના ઈલેક્ટ્રોનીક ડેટાબેઝ મેળવવાની બાબતને સરળ બનાવીને;

(ગ) સમુદાયો અને બીજી મધ્સ્થ વ્યક્તિઓમાં આપત્તિ વ્યવસ્થાપન ક્ષમતા ઉભી કરવા બાબતને અને તાલીમ કાર્યક્રમોને ઉત્તેજન આપીને;

(ઘ) આપત્તિઓની સંભાવના ઓછી કરવા માટે કાર્યપધ્ધતિઓના વિકાસમાં સહાય કરીને;

(ચ) વિકાસ યોજનાઓ, કાર્યક્રમો અને તેવી બીજી પ્રવૃત્તિઓ સાથે જાગૃતિ અને સજ્જતા માટેના કાર્યપધ્ધતિઓનું સંકલન કરીને, અને

(છ) આ અર્થે પોતે યોગ્ય ગણે તેવી બીજી કોઈ રીતે કાર્ય કરીને,



સમુદાય અને મધ્યસ્થ વ્યક્તિઓમાં જાગૃતિ અને તૈયારી અંગે ઉત્તેજન આપશે અથવા ઉત્તેજન અપાવડાવશે અને તેમને સલાહ અને તાલીમ આપશે.

(૨) સત્તામંડળ, પોતે જરૂરી ગણે તેવી આપત્તિ તૈયારી માટેના વીમા સહિત જોખમની તબદીલી કરવા માટેની ગોઠવણોને લગતી નીતિ ઘડશે અને તેનો અમલ કરશે અથવા કરાવડાવશે.

૧૭. (૧) સત્તામંડળ, નવી યોજનાઓ તૈયાર કરતી વખતે સમુચિત સત્તામંડળને આપત્તિની અસર ઓછી કરવા માટે સત્તામંડળે નિર્દિષ્ટ કરવાની બાબતો વિચારણામાં લેવાની ભલામણ કરી શકશે;

સમુચિત સત્તામંડળને કરવાની ભલામણો બાબત.

(૨) સત્તામંડળ, સમુચિત સત્તામંડળે તૈયાર કરેલ વિદ્યમાન વિકાસ યોજનાઓ તપાસી શકશે અને સત્તામંડળે નિર્દિષ્ટ કરેલ આપત્તિની અસર ઓછી કરવા માટેની બાબતોની વિચારણા કર્યા પછી સમુચિત સત્તામંડળને યોજનામાં ફેરફાર કરવા ભલામણ કરી શકશે;

(૩) સત્તામંડળ રાજ્યમાંના કોઈ સ્થાનિક વિસ્તારમાંના કોઈ મકાન અથવા માળખાના બાંધકામની ગુણવત્તા તપાસી શકશે અને સત્તામંડળનો એવો અભિપ્રાય હોય કે મકાન અથવા માળખાની ગુણવત્તા એવી છે કે આપત્તિ ઉભી થયેથી માનવજિંદગીની ખુવારી અથવા કોઈ મિલકત નુકસાનમાં પરિણમે તેમ છે, તો તે, આવા પરિણામો નિવારવા માટે સંબંધિત સ્થાનિક સત્તામંડળના કાયદા હેઠળ જરૂરી હોય તેવાં પગલા લેવા સ્થાનિક સત્તામંડળને ભલામણ કરી શકશે.

રાહત

૧૮. (૧) સત્તામંડળે, રાહત કામગીરી સંબંધી નીતિઓ ઘડવામાં રાજ્ય સરકારને સહાય કરવી જોઈશે.

(૨) સત્તામંડળનો એવો અભિપ્રાય હોય કે કમિશનર અથવા કલેક્ટરે પૂરી પાડેલી રાહત પૂરતી નથી, તો સત્તામંડળ, સરકારને, કમિશનરે અથવા કલેક્ટરે અનુસરવાના ધારાધોરણોમાં ફેરફાર કરવાની ભલામણ કરવી જોઈશે અને જરૂરી હોય ત્યારે રાહતનાં બીજાં પગલાંની ભલામણ કરવી જોઈશે.

પુનર્વસન અને પુનઃનિર્માણ.

૧૯. આપત્તિ સમાપ્ત થયાની જાહેરાત થયે, સત્તામંડળ, જરૂરી હોય ત્યારે, સરકારના વિભાગોએ પુનર્વસન અને પુનર્નિમાણની કામગીરીને સરળ બનાવતી અને તેની સંકલન કરતી એજન્સી તરીકે કામ કરશે.



પ્રકરણ ૭

## મુખ્ય કારોબારી અધિકારીની સત્તા અને કાર્યો

મુખ્ય કારોબારી અધિકારીની સત્તા અને કાર્યો

૨૦. (૧) મુખ્ય વહીવટી અધિકારી, નીચેની સત્તાઓ વાપરશે અને કાર્યો બજાવશે:-

(ક) ક્ષમતા ઉભી કરવા સહિત આપત્તિ અટકાવવા અને ઓછી કરવા સંબંધી પ્રવૃત્તિઓનું સંકલન અને દેખરેખ નિયંત્રણ કરવું;

(ખ) પુનર્વસન અને પુનર્નિમાણની પ્રવૃત્તિઓનું સંકલન અને દેખરેખ, નિયંત્રણ કરવું;

(ગ) આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવા અને તેને અદ્યાવત કરવાની બાબતની પ્રગતિનું દેખરેખ, નિયંત્રણ કરવું;

(ઘ) સત્તામંડળે હાથ ધરેલ પ્રવૃત્તિઓ અંગેનો રિપોર્ટ તૈયાર કરવો અને સમયાંતરે સાદર કરવો;

(ચ) સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓને સત્તા અને કાર્યોની સોંપણી કરવી;

(છ) સત્તામંડળ સોંપે તેવી સત્તા વાપરવી અને કાર્યો બજાવવા;

(જ) વિનિયમોથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવાં બીજા કર્યો બજાવવાં.

## પ્રકરણ ૮

## રાજ્ય રાહત કમિશનરની સત્તા અને કાર્યો

સંકટકાલીન રાહત.

૨૧. (૧) કોઈ વિસ્તાર, અસરગ્રસ્ત વિસ્તાર હોય તે મુદત દરમ્યાન, કમિશનર, આપત્તિ વ્યવસ્થાપન યોજના અનુસાર તાકીદની રાહત પૂરી પાડવા માટે, અસરગ્રસ્ત વિસ્તાર ઉપર હકૂમત ધરાવતા કલેક્ટર અને સ્થાનિક સત્તામંડળને આદેશો આપી શકશે.

(૨) (ક) સમુદાયને સહાય કરવાના અને સંરક્ષણ આપવાના;

(ખ) સમુદાયને રાહત પૂરી પાડવાના;

(ગ) અવ્યવસ્થા અટકાવવાના અથવા તેને પહોંચી વળવાના; અથવા

(ઘ) આપત્તિની વિનાશક અને બીજી અસરોની તજવીજ કરવાના,

હેતુ માટે કમિશનર -

(૧) ઉપલબ્ધ સંસાધનો છૂટા કરવા અને તેનો ઉપયોગ કરવા માટે ગોઠવણ કરી શકશે;

(૨) અસરગ્રસ્ત વિસ્તાર તરફ જતાં અને તે તરફથી આવતાં અને તેની અંદરના વાહનોને નિયંત્રિત અથવા પ્રતિબંધિત કરી શકશે;

(૩) અસરગ્રસ્ત વિસ્તારમાં કોઈ વ્યક્તિનો પ્રવેશ, તેમાં તેની હિલચાલ અને તેમાંથી બહાર જવાને નિયંત્રિત કરવાના



હેતુથી પ્રતિબંધિત કરી શકશે;

(૪) કાટમાળ દૂર કરી શકશે;

(૫) શોધખોળ અને બચાવ કામગીરી હાથ ધરી શકશે;

(૬) બિનવારસી મૃતદેહોના નિકાલ માટે ગોઠવણ કરી શકશે;

(૭) વૈકલ્પિક આશ્રય પૂરો પાડી શકશે;

(૮) ખોરાક, દવાઓ અને બીજી જરૂરી ચીજવસ્તુઓ પૂરી પાડી શકશે;

(૯) આપત્તિ સાથે સંકળાયેલ ક્ષેત્રોના તજજ્ઞો અને સલાહકારોને, તેમની દોરવણી અને દેખરેખ હેઠળ રાહત કાર્ય કરાવવા ફરમાવી શકશે;

(૧૦) જરૂર પડે તેમ અને ત્યારે સુવિધાઓનો ખાસ અથવા અગ્રતાક્રમ મુજબનો ઉપયોગ કરી શકશે;

(૧૧) ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ કોઈ મિલકત, વાહન, સાધનો, મકાનો અને સંદેશાવ્યવહારના સાધનોનો કબજો લઈ શકશે અને તેનો ઉપયોગ કરી શકશે.

(૧૨) કામચલાઉ પુલો અને બીજા જરૂરી માળખાં બાંધી શકશે;

(૧૩) જાહેર જનતાને જોખમમાં મૂકે તેવા અસલામત માળખાં તોડી પાડી શકશે;

(૧૪) બિનસરકારી સંગઠનો તેમની પ્રવૃત્તિઓ વાજબી રીતે ચલાવે તે સુનિશ્ચિત કરી શકશે;

(૧૫) આપત્તિની તજવીજ કરવા અંગે અને તેનો સામનો કરવા અંગેની માહિતીનો જાહેર જનતામાં પ્રસાર કરી શકશે;

(૧૬) જાનમાલ બચાવવાના હેતુ માટે કોઈ અસરગ્રસ્ત વિસ્તારમાંથી કોઈ વસતીનું સ્થળાંતર કરાવી શકશે અને એવી રીતે વિસ્તાર ખાલી કરાવવા માટે જરૂરી હોય એવું બળ વાપરી શકશે; અને

(૧૭) પોતે એમ જરૂરી ગણે કે જાનમાલ અને મિલકત બચાવવા માટે એવું પગલું જરૂરી છે અને કોઈ બારણાં, દરવાજા અથવા આડશનો માલિક અથવા ભાડૂઆત ગેરહાજર છે અથવા હાજર હોવા છતાં તે ખોલવાનો ઈન્કાર કરે છે, તો એવા કોઈ સ્થળમાં પ્રવેશીને એવું કોઈ બારણું, દરવાજો અથવા આડશ ખોલવા અથવા ખોલાવવા કોઈ વ્યક્તિને અધિકૃત કરી શકશે.

(૩) કમિશનર, આપત્તિને ઝડપથી વધતી અટકાવવા અથવા આપત્તિની અસરોને હળવી કરવા, કાબૂમાં રાખવા અથવા કોઈ વ્યક્તિને અથવા સરકારી એજન્સીને એવા આદેશો આપી શકશે અને જરૂરી હોય તેવાં બીજાં પગલાં લઈ શકશે.

(૪) કમિશનર, સામાન્ય રીતે રાહત પુરી પાડવા માટે અને ખાસ કરીને પેટાકલમ (૧) થી (૩) હેઠળ તેના દ્વારા લેવાયેલ પગલાં અંગે સત્તામંડળને માહિતગાર રાખશે.

કમિશનરનાં બીજાં કાર્યો.

૨૨. (૧) કમિશનરે-

(ક) પૂર્વ ચેતવણી અને તૈયારીની સ્થિતિ જેવા આપત્તિ વ્યવસ્થાપનનાં જુદાં જુદાં પાસાંને લગતી માહિતી પૂરી પાડવી જોઈશે;

(ખ) દરેક જિલ્લાના આગવા સંજોગો અને સંસ્થાકીય ક્ષમતાની અછત અને રાજ્યના સંસાધનોને ધ્યાનમાં લઈને, સત્તામંડળ સાથે વિચારવિનિમય કરીને યોગ્ય રાહત અમલીકરણ વ્યૂહરચના વિકસાવવી જોઈશે;

(ગ) રાજ્ય સ્તરીય સંકટકાલીન યોજનાઓ અને માર્ગદર્શિકાઓ તૈયાર કરવી જોઈશે, તેની સમીક્ષા કરવી જોઈશે અને તેને અદ્યાવત કરવી જોઈશે;

(ઘ) આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓને લગતી આકસ્મિક યોજનાઓનું વખતોવખત ફેરમૂલ્યાંકન કરવું જોઈશે;

(ચ) સમયાંતરે આપત્તિ વ્યવસ્થાપન કવાયતો કરાય છે તે સુનિશ્ચિત કરવું જોઈશે; અને

(છ) સંદેશાવ્યવહાર તંત્ર કાર્યરત છે તે અને આકસ્મિક યોજનાઓમાં સ્થાનિક એજન્સીઓ પૂરતા પ્રમાણમાં સંકળાયેલ છે તે સુનિશ્ચિત કરવું જોઈશે;

(જ) સત્તામંડળ સોંપે તેવી સત્તા વાપરવી જોશે, અને તેવાં કાર્યો બજાવવાં જોઈશે;

(ઝ) વિનિયમોથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી જોઈશે અને તેવાં બીજાં કાર્યો બજાવવાં જોઈશે.

## પ્રકરણ ૯

# કલેક્ટરની સત્તા અને કાર્યો

કલેક્ટરની સત્તા અને કાર્યો.

૨૩. (૧) કોઈ વિસ્તાર અસરગ્રસ્ત વિસ્તાર હોય તે મુદત દરમિયાન, કલેક્ટર, અસરગ્રસ્ત વિસ્તારમાં, આપત્તિ વ્યવસ્થાપન યોજના અનુસાર તાકીદની રાહત પૂરી પાડવા માટે સરકારના વિભાગોના અધિકારીઓને અને સ્થાનિક સત્તામંડળોને આદેશો આપી શકશે.

(૨) કલેક્ટર નીચેનાં કાર્યો કરી શકશે : -

(૧) પ્રાપ્ય સ્ત્રોત છૂટો કરવા અને ઉપયોગની ગોઠવણી કરવાના;

(૨) આપત્તિથી અસરગ્રસ્ત વિસ્તાર તરફના, તેમાંથી અને તેની અંદર ટ્રાફિકનું નિયંત્રણ અને પ્રતિબંધ મૂકવાના;

(૩) કોઈપણ આપત્તિગ્રસ્ત વિસ્તાર અથવા તેના ભાગમાં પ્રવેશવા, તેની અંદર અવરજવર કરવા અથવા ત્યાં જવા ઉપર નિયંત્રણ અને પ્રતિબંધના;

(૪) કાટમાળ દૂર કરવાના;

(૫) શોધખોળ અને બચાવ કામગીરી કરવાના;

(૬) બિનવારસી મૃતદેહોના નિકાલ માટે યોગ્ય રીતે ગોઠવણ કરવાના;

(૭) વૈકલ્પિક આશ્રય પૂરો પાડવાના;



(૮) ખોરાક, દવાઓ અને બીજી જરૂરી ચીજવસ્તુઓ પૂરી પાડવાના;

(૯) આપત્તિ સાથે સંકળાયેલ ક્ષેત્રોના તજજ્ઞો અને સલાહકારોને, તેમની દોરવણી અને દેખરેખ હેઠળ રાહતકાર્ય કરાવવા ફરમાવવાના;

(૧૦) ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ કોઈ મિલ્કત, વાહન, સાધન, મકાનો અથવા સંદેશાવ્યવહારના સાધનોનો કબજો લેવાના અને તેનો ઉપયોગ કરવાના;

(૧૧) જરૂર પડે તેમ અને ત્યારે સુવિધાઓના ખાસ અથવા અગ્રતાક્રમ મુજબનો ઉપયોગ કરવાના;

(૧૨) કામચલાઉ પુલો અને બીજાં જરૂરી માળખાં બાંધવાના;

(૧૩) જાહેર જનતાને જોખમમાં મૂકે તેવા અસલામત માળખાં તોડી પાડવાના;

(૧૪) બિનસરકારી સંગઠનોનું સંકલન કરવાના અને તેઓ તેમની પ્રવૃત્તિઓ વાજબી રીતે ચલાવે તે સુનિશ્ચિત કરવાના;

(૧૫) આપત્તિની તજવીજ કરવા અંગેની માહિતીનો જાહેર જનતામાં પ્રસાર કરવાના;

(૧૬) જાનમાલ બચાવવાના હેતુ માટે કોઈ આપત્તિગ્રસ્ત વિસ્તારમાંથી તમામ વસતી અથવા તેના કોઈ ભાગને સ્થળાંતર કરવા માટે

ફરમાવવાના અને ફરજ પાડવાના અને આવો વિસ્તાર ખાલી કરાવવા માટે વાજબી પ્રમાણમાં બળનો ઉપયોગ કરવાના;

(૧૭) પોતે એમ જરૂરી ગણે કે જાનમાલ અને મિલકત બચાવવા માટે એવું પગલું જરૂરી છે અને કોઈ બારણા, દરવાજા અથવા આડશનો માલિક અથવા ભાડૂઆત ગેરહાજર છે અથવા હાજર હોવા છતાં તે ખોલવાનો ઈન્કાર કરે છે, તો એવા કોઈ સ્થળમાં પ્રવેશીને એવું કોઈ બારણું, દરવાજો અથવા આડશ ખોલવા અથવા ખોલાવવા કોઈ વ્યક્તિને અધિકૃત કરવાના; અને

(૨) કલેક્ટર, નીચેના હેતુ માટે જરૂરી હોય તેટલે સુધી જ -

(ક) સમુદાયને સહાય કરવી અને સંરક્ષણ આપવું;

(ખ) સમુદાયને રાહત પૂરી પાડવી;

(ગ) અવ્યવસ્થા અટકાવવાના અથવા તેને પહોંચી વળવા માટે;

(ઘ) આપત્તિની વિનાશક અને બીજી અસરોની તજવીજ કરવાના હેતુ માટે,

પેટા-કલમ (૨) માં ની સત્તા વાપરી શકશે.

(૩) કલેક્ટર, આપત્તિને ઝડપથી વધતી અટકાવવા અથવા આપત્તિની અસરોને હળવી કરવા, કાબુમાં રાખવા



અથવા કોઈ વ્યક્તિને અથવા સરકારી એજન્સીને એવા આદેશો આપી શકશે અને જરૂરી હોય તેવા બીજાં પગલાં લઈ શકશે.

કલેક્ટરની બીજી સત્તા અને કાર્યો

૨૪. (૧) કલેક્ટરે-

(ક) આપત્તિ અટકાવવા માટેના અથવા તેની અસરો ઓછી કરવાની અથવા એવી અસરોને પહોંચી વળવાની તૈયારી માટેનાં કાર્યો, ઠરાવવામાં આવે તેવી માર્ગદર્શિકા અનુસાર કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવું જોઈશે;

(ખ) પૂર્વચેતવણી અને તૈયારીની સ્થિતિ જેવા આપત્તિ વ્યવસ્થાપનનાં જુદાં જુદાં પાસાંને લગતી માહિતી સત્તામંડળને પૂરી પાડવી જોઈશે;

(ગ) જિલ્લામાંના અધિકારીઓ આપત્તિ વ્યવસ્થાપનની તજવીજ કરવા માટે જાણકારી મેળવે તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે;

(ઘ) જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવામાં આવે, સુધારવામાં આવે અદ્યાવત્ કરવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે;

(ચ) જિલ્લામાં આપત્તિ પહેલાની અને આપત્તિ પછીની વ્યવસ્થાપન પ્રવૃત્તિઓને સરળ બનાવશે અને તે બાબત સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક સરકારી સંસ્થાઓ સાથે સંકલન કરવું જોઈશે;

(છ) સ્થાનિક તંત્ર, બિનસરકારી સંગઠનો અને

ખાનગીક્ષેત્રની મદદથી સમુદાય તાલીમ, જાગૃતિ કાર્યક્રમો અને તાકીદની સવલતો સ્થાપવાનું સરળ બનાવવું જોઈશે;

(જ) આપત્તિ વ્યવસ્થાપનને લગતી બાબતો પર આંતરવિભાગીય સંકલન સ્થાપવું જોઈશે;

(ઝ) તાકીદની યોજનાઓ, આકસ્મિક યોજનાઓ અને માર્ગદર્શિકાઓની સમીક્ષા કરવી જોઈશે.

(ટ) આપત્તિને પહોંચી વળવા માટે વ્યૂહરચના વિકસાવવામાં જિલ્લામાંના સ્થાનિક સત્તામંડળો સંકળાયેલ હોય તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે;

(ઠ) આપત્તિ વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ અને આયોજન વચ્ચે સુમેળ છે તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે;

(ડ) સંદેશા વ્યવહાર તંત્ર કાર્યરત છે તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે;

(ઢ) આપત્તિ વ્યવસ્થાપનને લગતા અગ્નિશમન સાધનો અને બીજી સાધન સામગ્રી ઉપયોગ માટે તૈયાર હોય તે રીતે જાળવવામાં આવે છે તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે;

(ત) જિલ્લામાં પુનર્નિમાણ અને પુનર્વસનની પ્રવૃત્તિઓનું સંકલન કરવું જોઈશે;

(થ) આપત્તિ વ્યવસ્થાપન કવાયતો સમયાંતરે



કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવું જોઈશે;

(દ) પુનર્નિર્માણ અને પુનર્વસન માટેના પ્રયાસોની પ્રગતિ અને પરિણામોનું દેખરેખ નિયંત્રણ કરવામાં સત્તામંડળને સહાય કરવી જોઈશે;

(ધ) રાજ્ય સરકાર, સત્તામંડળ અને કમિશનર દ્વારા સોંપવામાં આવે તેવી સત્તા વાપરવી જોઈશે અને તેવા કાર્યો બજાવવા જોઈશે;

(ન) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવાની જોઈશે અને તેવા બીજા કાર્યો બજાવવા જોઈશે.

## પ્રકરણ ૧૦

## સ્થાનિક સત્તામંડળોના કાર્યો

સ્થાનિક સત્તામંડળના કાર્યો.

૨૫. (૧) આપત્તિ વ્યવસ્થાપનના હેતુ માટે, સ્થાનિક સત્તામંડળે, સત્તામંડળ આપે તેવા આદેશોને અને કલેક્ટરની દેખરેખને આધીન રહીને,

(ક) સત્તામંડળે, કમિશનર અને કલેક્ટરને સહાય કરવી;

(ખ) સ્થાનિક સત્તામંડળનો કર્મચારીગણ તાલીમ પામેલ હોય તે સુનિશ્ચિત કરવું;

(ગ) આપત્તિ વ્યવસ્થાપનને લગતા તમામ સંસાધનો ઉપયોગ માટે તૈયાર હોય તે રીતે જાળવવામાં આવે તે સુનિશ્ચિત કરવું;

(ઘ) સ્થાનિક વિસ્તારમાંના મકાનો અને માળખાં સરકારી વિભાગોએ અને સત્તામંડળે આ અર્થે જણાવેલ વિગત વર્ણનને અનુરૂપ છે તે સુનિશ્ચિત કરવું;

(ચ) કમિશનરના આદેશોને અધીન રહીને અસરગ્રસ્ત વિસ્તારમાં રાહત કામગીરી હાથ ધરવી;

(છ) સત્તામંડળે ઘડેલ માર્ગદર્શિકા અનુસાર



પુનઃનિર્માણ અને પુનર્વસન પ્રવૃત્તિઓ હાથ ધરવી;

(જ) (૧) આપત્તિ વ્યવસ્થાપનના ખ્યાલ અને સિધ્ધાંતોને જે રીતે, સ્થાનિક વિસ્તારમાં લાગુ પાડવાના હોય તે રીત જણાવતી;

(૨) રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન પ્લાનના મુદ્દત (સમયે) માં સ્થાનિક સત્તામંડળની ભૂમિકા અને જવાબદારીઓ જણાવતી;

(૩) સ્થાનિક સત્તામંડળની તેની ભૂમિકા અને જવાબદારીઓ પૂર્ણ કરવાની ક્ષમતા જણાવતી;

(૪) આપત્તિ વ્યવસ્થાપનને લગતી વ્યૂહરચનાની વિગતો જણાવતી; અને

(૫) વ્યૂહરચના માટે નાણાં પૂરા પાડવા માટેના પગલાં સહિત, આપત્તિની ઘટના સમયે આકસ્મિક વ્યૂહરચના અને તાકીદની કાર્યવાહીઓ જણાવતી;

આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી જોઈશે;

(ઝ) રાજ્ય અને મધ્યસ્થ વ્યક્તિઓના તેમના સંગઠનો સાથે યોજના તૈયાર કરીને અને તેના

અમલીકરણનું સંકલન કરવું જોઈશે;

(ટ) યોજનાની નિયમિત રીતે સમીક્ષા કરવી અને તેને અદ્યાવત્ કરવી જોઈશે;

(ઠ) આપત્તિ વ્યવસ્થાપન કવાયત સમયાંતરે કરવી જોઈશે;

(ડ) આપત્તિ વ્યવસ્થાપન માટે સત્તામંડળ, કમિશનર અને કલેકટરને જરૂરી હોય એવી સહાય પૂરી પાડવી અને જરૂરી હોય તેવા અન્ય પગલાં લેવા માટે જોગવાઈ કરવી જોઈશે;

(૨) દરેક સ્થાનિક સત્તામંડળે, પેટા-કલમ (૧) હેઠળના સૂચિત આપત્તિ વ્યવસ્થાપન પ્લાનની નકલ અને તેમાંના કોઈ સુધારાની નકલ સત્તામંડળ અને કમિશનરને સાદર કરવી જોઈશે.

જિલ્લાઓ માટે આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ.

૨૯. (૧) જિલ્લામાંના રાજ્યમાં સરકારના દરેક વિભાગે, જિલ્લા માટે આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી જોઈશે અને કલેક્ટરે, એવી યોજનાનું, સમગ્ર જિલ્લા માટે આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકલન થાય છે એવું સુનિશ્ચિત કરવું જોઈશે,

(૨) સરકારના વિભાગ, પેટા-કલમ (૧) હેઠળ યોજના તૈયાર કરતી વખતે -

(ક) જિલ્લામાં કોઈ આપત્તિ ઘટે તેના પ્રકાર અને તેની



સંભવિત અસરો માટે પૂર્વ પગલાં લેવાની;

(ખ) જોખમમાં હોય તેવા સમુદાયો અને મિલકત મુકરર કરવાની;

(ગ) ઉચિત નિવારણ અને આપત્તિ ઘટાડવાની વ્યૂહરચનાની જોગવાઈ કરવાની;

(ઘ) સંભવિત આપત્તિની અસરોની તજવીજ કરવા માટેની અક્ષમતાઓ મુકરર કરવાની અને ક્ષમતાઓ ઉભી કરવાની;

(ચ) તાકીદની મહત્તમ તૈયારીઓ સરળ બનાવવાની અને;

(છ) (૧) જુદી જુદી મધ્યસ્થ વ્યક્તિઓને જવાબદારીની ફાળવણી અને તેની જવાબદારીઓ પાર પાડવા માટે સંકલન કરવાની;

(૨) ત્વરિત આપત્તિ પ્રતિભાવ અને રાહત માટેની;

(૩) આવશ્યક વસ્તુઓની ઉપલબ્ધિ અને આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટે;

(૪) વ્યૂહાત્મક સંદેશા વ્યવહાર સંપર્કોની સ્થાપના કરવા માટેની;

(૫) માહિતીનો પ્રસાર કરવા માટેની; અને

(૬) વિનિયમોમાં જોગવાઈ કરવામાં આવે એવી

બીજી બાબતો અને કલેક્ટર ફરમાવે તેવી કોઈ બીજી બાબતો,

માટેની જોગવાઈ કરવા માટે આપત્તિની ઘટનામાં, આકસ્મિક યોજના અને ઠરાવેલ તાકીદની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) કલેક્ટરની દેખરેખને અધીન રહીને સરકારી વિભાગે-

(ક) (૧) આપત્તિ વ્યવસ્થાપનનો ખ્યાલ અને સિધ્ધાંતો જિલ્લામાં લાગુ પડવાની હોય તે રીત જણાવવી;

(૨) રાજ્યની આપત્તિ વ્યવસ્થાપન યોજના અનુસાર સરકારી વિભાગની ભૂમિકા અને જવાબદારી જણાવવી;

(૩) તાકીદની રાહત અને આપત્તિ પછીની મૂળ પરિસ્થિતિ અને પુર્નવસન સંબંધી સરકારના વિભાગની ભૂમિકા અને જવાબદારીઓ,

(૪) સરકારના વિભાગની તેની ભૂમિકાઓ અને જવાબદારી પૂર્ણ કરવાની ક્ષમતા જણાવતી;

(૫) આપત્તિ વ્યવસ્થાપન વ્યૂહરચનાની વિગતો જણાવવી, અને

(૬) વ્યૂહરચના માટે નાણાં પૂરા પાડવાના પગલાં



સહિત, આપત્તિની ઘટના સમયે આકસ્મિક વ્યૂહરચના અને તાકીદની વ્યૂહરચના કાર્યવાહી જણાવતી; આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી જોઈશે.

(ખ) રાજ્ય, સમુદાયો અને અન્ય મધ્યસ્થ વ્યક્તિઓના બીજા સંગઠનોની યોજના તૈયાર કરવી અને અમલીકરણનું સંકલન કરવું;

(ગ) યોજનાની નિયમિત રીતે સમીક્ષા કરવી અને તેને અદ્યાવત્ કરવી જોઈશે; અને

(ઘ) આપત્તિ વ્યવસ્થાપન યોજનાની નકલ અને તેમાં કોઈ સુધારા હોય તો તેની નકલ કલેક્ટરને સાદર કરવી જોઈશે.

(૪) કલેક્ટરે, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન યોજનાની અને તેના કોઈ સુધારાની નકલ સત્તામંડળ અને કમિશનરને સાદર કરવી જોઈશે.

(૫) સરકારના દરેક વિભાગ , આ અર્થે ઘડેલ યોજનાના અસરકારક અમલ માટે જવાબદાર ગણાશે.

પ્રકરણ ૧૧

## પોલીસ દળ, ગ્રામ રક્ષકદળ અને ગૃહ રક્ષકદળ અને નાગરિક સુરક્ષાના કર્મચારીઓ અને અગ્નિશમન સેવાઓની ફરજો;

પોલીસ, ગ્રામ રક્ષકદળ અને ગૃહ રક્ષકદળ વગેરેની ફરજો.

૨૭. (૧) કોઈ વિસ્તારને કલમ ૩૨ની પેટા કલમ (૨) ના ખંડ (ક) હેઠળ અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે ત્યારે,

(ક) પોલીસદળ,

(ખ) ગ્રામ રક્ષકદળ,

(ગ) ગૃહ રક્ષકદળ,

(ઘ) નાગરિક સંરક્ષણ, અને

(ચ) અગ્નિશમન સેવાના,

સભ્યો કમિશનર અને કલેક્ટરની દેખરેખ હેઠળ નીચેના કાર્યો બજાવશે :-

(૧) ચેતવણી આપવી;

(૨) શોધખોળ અને બચાવ કામગીરી પાર પાડવી, અને

(૩) રાહત અને પુનર્વસન કામગીરી પાર પાડવી;

(૨) કોઈ વિસ્તારમાં આપત્તિની ઘટના બને ત્યારે ખંડો (ક) થી (ચ) માં નિર્દિષ્ટ કરેલ સંગઠનોના સભ્યો પૈકીના અને એવા વિસ્તારના સ્થાનિક



સત્તામંડળના વરિષ્ઠ અધિકારીએ અને સરકારી વિભાગે કલેક્ટરને રિપોર્ટ કરવો જોઈશે અને તાકિદની રાહતની જોગવાઈ કરવા માટે કલેક્ટર આપે તેવી કોઈપણ સૂચનાઓનો અમલ કરવો જોઈશે.

(૩) રાજ્યમાંના સરકારના વિભાગે કલેક્ટરે ફરમાવ્યા મુજબ પોતે નિર્દિષ્ટ કર્યા મુજબના કાર્યો અને ખાસ કરીને -

(ક) એવું સુનિશ્ચિત કરવું જોઈશે કે સંદેશાવ્યવહાર તંત્ર કાર્યરત છે જે આપત્તિના સંબંધમાં પ્રસારણ અને સંદેશા મેળવવા માટેના ઉપયોગ માટે નિશુલ્ક ઉપલબ્ધ થવા જોઈશે;

(ખ) કર્મચારીગણ મુકરર કરવો જોઈશે અને તેમને આપત્તિ વ્યવસ્થાપનના હેતુઓ માટે પૂરતી તાલીમ આપવી જોઈશે જેથી તેમની સેવાઓ મેળવી શકાય;

(ગ) સમયાંતરે આપત્તિ વ્યવસ્થાપન કવાયતો થાય છે તે સુનિશ્ચિત કરવું જોઈશે;

(ઘ) સત્તામંડળ, કમિશનર અને કલેક્ટરને આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરી સહાય પૂરી પાડવી જોઈશે અને જરૂરી હોય તેવાં બીજાં પગલાં લેવાં જોઈશે.

## પ્રકરણ ૧૨

# સમુદાયો, જાહેરક્ષેત્રના સાહસો અને બીજી એજન્સીઓ અને વ્યક્તિઓની ફરજો

સમુદાય જૂથો અને યુવા સંગઠનોની ફરજો.

૨૮. દરેક સમુદાય જૂથે અને નેશનલ કેડેટ કોર્પસ, નેશનલ સર્વિસ સ્કિમ, નેહરૂ યુવા કેન્દ્ર જેવા યુવા સંગઠન-

(ક) તમામ આપત્તિ વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓમાં રાજ્ય સરકારને, સત્તામંડળને, કમિશનરને અને કલેક્ટરને સહાય કરી શકશે;

(ખ) ક્ષમતા ઉભી કરવાના, આપત્તિની સંભાવના ઓછી કરવાના કાર્યક્રમો અને તાલીમ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકાશે;

(ગ) કમિશનર અને કલેકટરની દેખરેખ હેઠળ રાહત કામગીરીઓમાં સહાય કરી શકશે;

(ઘ) સત્તામંડળે ઘડેલી માર્ગદર્શિકાઓ અનુસાર વિગતવાર નુકસાનની આકારણી કરવામાં અને પુનર્નિર્માણ અને પુનર્વસનની પ્રવૃત્તિઓ પાર પાડવામાં સહાય કરી શકશે;

(ચ) આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરી હોય તેવી સહાય સત્તામંડળને, કમિશનરને અને કલેક્ટરને પૂરી પાડી શકાશે અને તેવા બીજા પગલાં લઈ શકાશે;



૨૯. (૧) કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વ્યાખ્યાયિત કરેલ દરેક કારખાનાએ,-

કારખાના, ખાનગી અને જાહેરક્ષેત્રના સાહસોની ફરજો.

(ક) આપત્તિ વ્યવસ્થાપનની તમામ પ્રવૃત્તિઓમાં, રાજ્ય સરકાર, કમિશનર અને કલેક્ટરને સહાય કરવી જોઈશે;

(ખ) ખાતરી કરવી જોઈશે કે તેમનો સ્ટાફ પૂરતો તાલીમબધ્ધ છે;

(ગ) ખાતરી કરવી જોઈશે કે જરૂરી તમામ સંસાધનો તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં છે;

(ઘ) ખાતરી કરવી જોઈશે કે તેમના મકાનો અને બીજા માળખાં, સરકારના વિભાગો અને સત્તામંડળે નિયત કરેલ તમામ વિગતવર્ણનો અનુસાર છે;

(ચ) કમિશનર અને કલેક્ટરની દેખરેખ હેઠળ રાહત કામગીરીઓ પાર પાડવી જોઈશે;

(છ) સત્તામંડળે ઘડેલી માર્ગદર્શિકાઓ અનુસાર વિગતવાર નુકશાનની આકારણી કરવામાં અને પુનર્નિર્માણ અને પુનર્વસનની પ્રવૃત્તઓ પાર પાડવામાં સહાય કરવી જોઈશે;

(જ) સત્તામંડળે આ અર્થે ઘડેલી માર્ગદર્શિકાઓને

ધ્યાનમાં લઈને, સ્થાનિક સત્તામંડળોએ, સરકારી વિભાગોની બીજી આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓને અનુરુપ આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી જોઈશે;

(ઝ) આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરી હોય તેવા બીજા તમામ પગલાં લેવા જોઈશે અને તેવી સહાય સત્તામંડળને, કમિશનરને અને કલેક્ટરને પૂરી પાડવી જોઈશે;

(૨) દરેક કારખાનું તેણે આ અર્થે તૈયાર કરેલ યોજનાના અસરકારક અમલ માટે જવાબદાર ગણાશે;

(૩) દરેક ખાનગી અને જાહેર ક્ષેત્રનું એકમ (મંડળ), સત્તામંડળને, કમિશનરને અને કલેક્ટરને આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરી હોય તેવી સહાય કરશે અને તેવા પગલાં લેશે.

સ્વૈચ્છિક એજન્સીઓની ફરજો.

૩૦. આપત્તિ વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા ઈચ્છતી હોય તેવી બિનસરકારી સંગઠનો સહિતની તમામ સ્વૈચ્છિક એજન્સીઓ,-

(ક) ક્ષમતા ઉભી કરવામાં, આપત્તિની સંભાવના ઓછી કરવાના કાર્યક્રમો અને તાલીમ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે;



(ખ) સરકાર, કમિશનર અને કલેક્ટરની દેખરેખ હેઠળ રાહત કામગીરીઓમાં સહાય કરી શકશે;

(ગ) સત્તામંડળે ઘડેલી માર્ગદર્શિકાઓ અનુસાર નુકશાનની આકારણી કરવામાં અને પુનર્નિમાણ અને પુર્નવસનની પ્રવૃત્તિઓ પાર પાડવામાં સહાય કરી શકશે;

(ઘ) અસરકારક આપત્તિના વ્યવસ્થાપન માટે જરૂરી હોય તેવી સહાય સત્તામંડળને, કમિશનરને અને કલેક્ટરને પૂરી પાડી શકશે.

નાગરિકોની ફરજો.

૩૧. (૧) સામાન્ય રીતે આપત્તિ વ્યવસ્થાપનના હેતુ અને ખાસ કરીને નીચેના હેતુઓ માટે કમિશનર, કલેક્ટર અથવા આપત્તિ વ્યવસ્થાપન સોંપેલ અથવા તેમાં રોકાયેલ બીજી વ્યક્તિને સહાય કરવામાં તેની મદદ માંગવામાં આવે ત્યારે સહાય કરવાની દરેક નાગરિકની ફરજ રહેશે,

(ક) નિવારણ

(ખ) પ્રતિભાવ

(ગ) ચેતવણી

(ઘ) તાકીદની કામગીરી

(ચ) સ્થળાંતર, અને

(છ) સ્થિતિ રાબેતા મુજબ કરવી.

## પ્રકરણ ૧૩

## વિસ્તારને આપત્તિ સંભવિત વિસ્તાર અથવા આપત્તિગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા બાબત

વિસ્તારને આપત્તિ સંભવિત વિસ્તાર અથવા આપત્તિગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા બાબત

૩૨. (૧) જ્યાં આપત્તિ થવાનો ભય તોળાતો હોય અથવા જ્યાં આપત્તિ ઉભી થઈ હોય તે વિસ્તાર-

(ક) એક કરતાં વધુ જિલ્લામાં ફેલાયેલ વિસ્તાર હોય, ત્યારે કમિશનરે, અને

(ખ) એક જિલ્લા પૂરતો સીમિત વિસ્તાર હોય, ત્યારે કલેક્ટરે, રાજ્ય સરકારને તાત્કાલિક તે મતલબનો રિપોર્ટ કરવો જોઈશે.

(૨) (ક) પેટા કલમ (૧) હેઠળ કમિશનરના અથવા કલેક્ટરના રિપોર્ટ પરથી અથવા અન્યથા રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે રાજ્યમાં કોઈ વિસ્તારમાં આપત્તિ થવાની સંભાવના છે અથવા આપત્તિ ઉભી થઈ છે અને એવી આપત્તિ અટકાવવા અથવા તેની અસરોને પહોંચી વળવા માટે તેમ કરવું ઈષ્ટ છે, તો તે, રાજપત્રમાં અને વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા એક અથવા વધુ વર્તમાનપત્રોમાં, જાહેરનામું પ્રસિધ્ધ કરીને એવા વિસ્તારને આપત્તિ સંભવિત વિસ્તાર અથવા આપત્તિગ્રસ્ત વિસ્તાર (જેનો આ કલમમાં હવે પછી, "અસરગ્રસ્ત વિસ્તાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તરીકે જાહેર કરી શકશે.



(ગ) રાજ્ય સરકાર, ખંડ (ક) હેઠળની જાહેરાત ન કરવાનો નિર્ણય કરે તો, તે, તદ્નુસાર કમિશનરને યથાપ્રસંગ, કલેક્ટરને તેની જાણ કરશે.

(૩) વિસ્તારના સંબંધમાં કલમ ૨ હેઠળ બહાર પાડેલ જાહેરનામામાં, આ અધિનિયમના હેતુઓ માટે વિસ્તારને જે દરમિયાન અસરગ્રસ્ત વિસ્તાર ગણવાનો હોય તેવી પંદર દિવસથી વધુ નહિ તેટલી મુદત નિર્દિષ્ટ કરવી જોઈશેઃ

પરંતુ કમિશનરે અથવા યથાપ્રસંગ, કલેક્ટરે આ અર્થે કરેલ રિપોર્ટને ધ્યાનમાં લેતાં અથવા અન્યથા રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે તેમ કરવું ઈષ્ટ છે, તો રાજ્ય સરકાર તેવા જ જાહેરનામાથી, કોઈપણ એક સમયે પંદર દિવસથી વધુ નહિ તેટલી કોઈ મુદતથી આવી મુદત વખતોવખત વધારી શકશે.

(૪) કોઈ વિસ્તાર, અસરગ્રસ્ત વિસ્તાર હોય તે મુદત દરમિયાન,-

(ક) સત્તામંડળે આવા વિસ્તારમાં,-

(૧) આપત્તિ અટકાવવા; અથવા

(૨) (ક) આપત્તિની અસર ઓછી કરવા,

(ખ) સંકટ રાહતકાર્ય સરળ બનાવવા, સંકલન કરવા અને તેનું દેખરેખ નિયંત્રણ કરવા, અને

(ગ) પુનઃનિર્માણ અને પુનર્વસનનું દેખરેખ-નિયંત્રણ અને સંકલન કરવા સંબંધી કાર્યો; અને

આ અધિનયમનથી અથવા તે હેઠળ ઠરાવેલા અથવા ઉપર્યુક્ત કાર્યોને પૂરક, આનુષંગિક અથવા પરિણામરૂપ કાર્યો હોય તેવાં બીજાં કાર્યો બજાવવા જોઈશે અથવા બજાવડાવવાં જોઈશે.

(ખ) અસરગ્રસ્ત વિસ્તાર એકથી વધુ જીલ્લામાં ફેલાયેલ હોય ત્યારે, કમિશનરે અને અસરગ્રસ્ત વિસ્તાર જિલ્લા પૂરતો સીમિત હોય ત્યારે કલેક્ટરે, આ અધિનિયમથી અથવા તે હેઠળ આપત્તિ વ્યવસ્થાપન સંબંધમાં તેની ઉપર લાદેલ હોય તેવા કાર્યો બજાવવા જોઈશે.

(૫) (ક) કમિશનર અથવા કલેક્ટર પેટા કલમ (૧) હેઠળ રિપોર્ટ કરે ત્યારે તેણે, તે રિપોર્ટ કરે તે સમયથી, આ અધિનિયમથી અથવા તે હેઠળ તેની ઉપર લાદેલ હોય તેવા જરૂરી કાર્યો બજાવવાનું શરૂ કરવું જોઈશે; અને



(ખ) તેણે-

(૧) વિસ્તારને પેટા કલમ (૩) હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદત માટે પેટા-કલમ (૨)ના ખંડ (ક) હેઠળ અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ હોય, તેવી મુદત પૂરી થાય ત્યારે; અથવા

(૨) સદરહુ પેટા-કલમ (૩) ના પરંતુ (ક) હેઠળ આવી મુદત વખતોવખત વધારવામાં આવી હોય તે છેલ્લે વધારેલ મુદત પૂરી થાય ત્યારે; અથવા

(૩) પેટા કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ રાજ્ય સરકારે તે મતલબની જાણ કર્યે વિસ્તારને તે તરીકે જાહેર કરેલ ન હોય ત્યારે કાર્યો બજાવવાનું બંધ કરવું જોઈશે.

(૬) સત્તામંડળે, કમિશનર, કલેક્ટર અને બીજી તમામ એજન્સીઓએ પેટા-કમલ (૫)ના ખંડ (ખ)ના પેટા -ખંડો (૧)અને (૨) માં ઉલલેખેલ મુદત પૂરી થયે, અસરગ્રસ્ત વિસ્તારમાં તેમનાં કાર્યો બજાવવાનું બંધ કરવું જોઈશે.

## પ્રકરણ ૧૪

# નાણાં, હિસાબો, ઓડિટ અને અહેવાલ

સત્તામંડળનું ભંડોળ.

૩૩. (૧) સત્તામંડળને આપત્તિ વ્યવસ્થાપન ભંડોળ તરીકે ઓળખાતું પોતાનું ભંડોળ રહેશે અને સત્તામંડળની તમામ આવકો તેમાં જમા કરવામાં આવશે અને સત્તામંડળની તમામ ચૂકવણીઓ તેમાંથી કરવી જોઈશે.

(૨) સત્તામંડળ આ અધિનિયમના હેતુઓ માટે કેન્દ્ર, અથવા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ અથવા કોઈ વ્યક્તિ અથવા સંસ્થાપિત હોય કે ન હોય તેવા મંડળ પાસેથી ગ્રાન્ટ, આર્થિક સહાય, દાન અને ભેટ સ્વીકારી શકશે.

(૩) ભંડોળમાંથી નાણાનો-

(૧) આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવવામાં સત્તામંડળે કરેલ ખર્ચ,

(૨) સભ્યોનાં મહેનતાણાં,

(૩) સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓના પગાર અને ભથ્થાં,

(૪) ઠરાવવામાં આવે તેવા, અધિનિયમના એવા બીજા હેતુઓ માટે ખર્ચની ચૂકવણીમાં ઉપયોગ કરી શકશે.



(૪) (ક) સત્તામંડળના ભંડોળમાંથી તમામ નાણાં, રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી આદેશ કરે તેવી બેંકમાં જમા કરાવવા જોઈશે.

(ખ) આ અધિનિયમના હેતુઓ માટે ભંડોળની રકમ વાપરવાની તાત્કાલિક અથવા નજીકની તારીખે જરૂર ન હોય ત્યારે, તેને, ભારતના ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ની કલમ ૨૦ના ખંડ (ક), (ખ), (ખખ), (ગ) અથવા (ઘ) માં નિર્દિષ્ટ કરેલ પૈકીની કોઈપણ જામીનગીરીઓમાં રોકી શકાશે.

(ગ) એવી થાપણો અથવા રોકાણો પર મળેલ કોઈ વ્યાજ, ભંડોળમાં જમા કરવું જોઈશે.

૩૪. સત્તામંડળ, આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો બજાવવાના હેતુ માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી, મુક્ત બજારમાંથી, અથવા અન્યથા નાણાં ઉછીના લઈ શકશે. નાણાં ઉછીના લેવા બાબત.

૩૫. (૧) (ક) સત્તામંડળે, દરેક વર્ષમાં ઠરાવવામાં આવે તેવી તારીખે આગામી નાણાંકીય વર્ષ માટે અંદાજિત આવક અને ખર્ચ અને તે નાણાંકીય વર્ષ દરમિયાન રાજ્ય સરકાર પાસેથી માંગવાની રકમો દર્શાવતું અંદાજપત્ર, ઠરાવેલ નમૂનામાં સાદર કરવું જોઈશે; અંદાજપત્ર.

(ખ) રાજ્ય સરકારે મંજૂર કરેલ કોઈ રકમ કોઈ

નાણાંકીય વર્ષ દરમિયાન પૂર્ણતઃ અથવા અંશતઃ વણવપરાયેલ રહે, ત્યારે વણવપરાયેલ રકમ પછીના નાણાંકીય વર્ષમાં આગળ લઈ જવી જોઈશે અને તે વર્ષ માટે રાજ્ય સરકારે પૂરી પાડવાની રકમ નક્કી કરતી વખતે તેને ધ્યાનમાં લેવી જોઈશે.

(૨) સત્તામંડળ દ્વારા અથવા તેના વતી કોઈ રકમનો ખર્ચ કરી શકાશે નહિ, સિવાય કે તે ખર્ચ રાજ્ય સરકારે મંજૂર કરેલ અંદાજપત્રની જોગવાઈથી આવરી લેવાયેલ હોય.

હિસાબો અને ઓડીટ.

૩૬. (૧) સત્તામંડળના હિસાબો ઠરાવવામાં આવે તેવા નમુનામાં અને તેવી રીતે તૈયાર કરવા જોઈશે.

(૨) સત્તામંડળે, દરેક નાણાંકીય વર્ષ માટે હિસાબોનું વાર્ષિક પત્રક, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તૈયાર કરાવવું જોઈશે.

(૩) સત્તામંડળના હિસાબો, કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૨૬ હેઠળ કંપનીના ઓડિટર તરીકે કામ કરવા માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઓડિટર પાસે ઓડિટ કરાવવા જોઈશે.

(૪) સદરહુ ઓડિટરને, સત્તામંડળે નીમવો જોઈશે.

(૫) આ અધિનિયમ હેઠળ સત્તામંડળના હિસાબો ઓડિટ કરવા નીમાયેલ દરેક ઓડિટરને હિસાબોનાં ચોપડા, સંબંધિત વાઉચરો અને બીજા દસ્તાવેજો અને કાગળો રજૂ કરવાની માંગણી કરવાનો, સત્તામંડળની કચેરીની



તપાસ કરવાનો અને ઓડિટર તરીકે ફરજ બજાવવા માટે તેને જરૂરી લાગે તેવી માહીતી મંગાવવાનો હક રહેશે.

(૬) ઓડિટરે હિસાબોની ઓડિટ કરેલ નકલ સાથે તેના અહેવાલની એક નકલ સત્તામંડળને મોકલવી જોઈશે જે ઓડિટનો અહેવાલ મળ્યા પછી શક્ય હોય તેટલું જલદી તે રાજ્ય સરકારને મોકલશે.

(૭) રાજ્ય સરકારે, પેટા-કલમ (૬) હેઠળ ઓડિટ અહેવાલ મળ્યા પછી શક્ય હોય તેટલું જલદી, તેને રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવવો જોઈશે.

૩૭. (૧) સત્તામંડળે, દરેક વર્ષમાં એકવાર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવા સમયે- વાર્ષિક અહેવાલ

(ક) અગાઉના વર્ષ દરમિયાનની તેની પ્રવૃત્તિઓનો પૂરેપૂરો, સાચો અને યોગ્ય વાર્ષિક અહેવાલ, અને

(ખ) આગામી વર્ષમાં સત્તામંડળ હાથ ધરનાર હોય તેવા કાર્યોની યોજના, તૈયાર કરવી જોઈશે અને એવા અહેવાલની એક નકલ રાજ્ય સરકારને મોકલવી જોઈશે.

(૨) રાજ્ય સરકારે, પેટા-કલમ (૧) હેઠળ વાર્ષિક અહેવાલ મળ્યા પછી શક્ય હોય તેટલું જલદી, તેને રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવવો જોઈશે.

## પ્રકરણ ૧૫

# ગુના અને શિક્ષા

ગુના અને શિક્ષા.

૩૮. (૧) જે કોઈ વ્યક્તિ,

(ક) રાજ્ય સરકારના અથવા સ્થાનિક સત્તામંડળના અથવા સત્તામંડળના કોઈ અધિકારીને અથવા કમિશનરને અથવા કલેક્ટરને આ અધિનિયમ હેઠળના કાર્યો પાર પાડતા વાજબી કારણ વગર અટકાવે અથવા અવરોધે; અથવા

(ખ) આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો પાર પાડતી વખતે, રાજ્ય સરકારના અથવા સત્તામંડળના અધિકારીએ અથવા કમિશનરે અથવા કલેક્ટરે આપેલા આદેશોનો પાલન કરવાનો વાજબી કારણ વગર ઈનકાર કરે; અથવા

(ગ) કોઈ વૈજ્ઞાનિક આધાર વગર આપત્તિની ઘટનાનું ખોટું અનુમાન કરે અને તેમ કરીને સમુદાયમાં આતંક પેદા કરે; અથવા

(ઘ) રાજ્ય સરકારના અથવા સત્તામંડળના કોઈ અધિકારી પાસેથી અથવા કમિશનર અથવા કલેક્ટર પાસેથી પુનર્નિમાણ અથવા મરામત માટેની સહાય માટે ખોટો દાવો કરે;

તે, દોષિત ઠર્યે, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા



દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત.

૩૯. (૧) સામાન્ય રીતે અથવા આ અર્થે ખાસ રીતે અધિકૃત કરેલ સત્તામંડળના કોઈ અધિકારીએ અથવા કમિશનરે અથવા કલેક્ટરે લેખિતમાં ફરિયાદ કરેલ હોય તે સિવાય, કોઈપણ મેજીસ્ટ્રેટ કલમ ૩૮ હેઠળના ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહીં.

સન ૧૯૭૪નો ૨જો.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૦૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ ગુનાના સંબંધમાં, ફરિયાદ લેખિતમાં રજૂ કરવામાં આવી હોય ત્યારે, સત્તામંડળના અધિકૃત અધિકારીને, કમિશનરને અથવા કલેક્ટરને તપાસવાનું જરૂરી રહેશે નહીં.

કંપનીઓએ કરેલા ગુના

૪૦. (૧) આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય ત્યારે, ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે કંપનીના કાર્ય સંચાલન માટે કંપનીનો હવાલો સંભાળતી તેમજ કંપનીને જવાબદાર હોય તે દરેક વ્યક્તિ તેમજ કંપની તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેની સામે કામ ચલાવી શકશે અને તે અનુસાર તેમને શિક્ષા કરી શકાશેઃ

પરંતુ એવી વ્યક્તિ એમ સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા આવો ગુનો થતો અટકાવવા માટે

તેણે તમામ ઘટતી કાળજી લીધી હતી તો, આવી કોઈપણ વ્યક્તિ આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી આ અધિનિયમમાં જોગવાઈ કરેલી શિક્ષાને પાત્ર થશે નહીં.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને તે ગુનો કંપનીના કોઈ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે બીજા અધિકારીની સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલ કોઈ બેદરકારીને લીધે થયેલ છે એમ સાબિત થાય ત્યારે આવો ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે અધિકારી પણ તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

સ્પષ્ટીકરણ :- આ કલમના હેતુ માટે

(ક) "કંપની" એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી કે વ્યક્તિઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે, અને

(ખ) પેઢીના સંબંધમાં "ડિરેક્ટર" એટલે પેઢીનો ભાગીદાર.



## પ્રકરણ ૧૬

## પ્રકીર્ણ

૪૧. (૧) રાજ્ય સરકારે, આ અર્થે સામાન્ય અથવા ખાસ રીતે અધિકૃત કરેલ મુખ્ય કારોબારી અધિકારી, કમિશનર અથવા કલેકટર, તમામ વાજબી સમયે કોઈ જગામાં દાખલ થઈ શકશે અને આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને સોંપાયેલ કાર્યો કાયદેસર રીતે બજાવવાના હેતુ માટે વાજબી રીતે જરૂર હોય તેવા કાર્યો ત્યાં કરી શકશે. દાખલ થવાની સત્તા.

(૨) આ અર્થે સત્તામંડળે સામાન્ય અથવા ખાસ રીતે અધિકૃત કરેલ તેના કોઈ અધિકારી અથવા કર્મચારી, તમામ વ્યાજબી સમયે કોઈ જગામાં દાખલ થઈ શકશે અથે અન અધિનિયમ હેઠળ તેને સોંપાયેલ કાર્યો કાયદેસર રીતે બજાવવાના હેતુ માટે વાજબી રીતે જરૂરી હોય તેવા કાર્યો ત્યાં કરી શકશે.

૪૨. (૧) સત્તામંડળ, લેખિતમાં સાંમાન્ય અથવા ખાસ હુકમથી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે એવા, આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો, મુખ્ય કારોબારી અધિકારી, કમિશનર, કલેક્ટર અથવા બીજા કોઈ પણ અધિકારીને સોંપી શકશે. કાર્યોની સોંપણી.

(૨) સત્તામંડળ, લેખિતમાં સામાન્ય અથવા ખાસ હુકમથી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કાર્યો પોતાના

સભ્યોની બનેલી એક અથવા તેથી વધુ સમિતિઓમાંથી અને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સમિતિને સોંપી શકશે.

(૩) કમિશનર, લેખિતમાં હુકમ કરીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા આ અધિનિયમથી અથવા તેની હેઠળ, પોતાની ઉપર નાંખેલા કાર્યો કોઈ વ્યક્તિને સોંપી શકશે.

(૪) કલેક્ટર, લેખિતમાં હુકમ કરીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા આ અધિનિયમથી અથવા તે હેઠળ પોતાની ઉપર નાંખેલ કાર્યો જિલ્લા વિકાસ અધિકારીને અથવા બીજી કોઈપણ વ્યક્તિને સોંપી શકશે.

(૫) પેટા કલમ (૧),(૩) અથવા (૪) હેઠળના કોઈ હુકમમાં, તેમાં નિર્દિષ્ટ કરેલ કાર્યો જેને આધીન રહીને બજાવી શકાશે તે શરતો નિર્દિષ્ટ કરી શકાશે.

સત્તામંડળને આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા.

૪૩. (૧) આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવતી વખતે રાજ્ય સરકાર, નીતિવિષયક પ્રશ્નો પર પોતાને વખતોવખત લેખિતમાં આપે તેવા આદેશો સત્તામંડળને બંધનકર્તા રહેશે;

પરંતુ આ પેટા કલમ હેઠળ કોઈ આદેશ આપતાં પહેલાં, સત્તામંડળને પોતાનું મંતવ્ય જણાવવાની તક આપવી જોઈશે.



(૨) કોઈ પ્રશ્ન નીતિવિષયક છે કે નહિ તે અંગેનો રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

આદેશો આપવાની સત્તા.

૪૪. (૧) સત્તામંડળ, કમિશનર અથવા કલેક્ટર, આ અધિનિયમ હેઠળનાં કાર્યો બજાવવાના હેતુ માટે અને સંકટ રાહત પગલાં હાથ ધરેલ હોય તેવા અસરગ્રસ્ત વિસ્તારોની અંદર નિર્દિષ્ટ કરેલ કૃત્ય કરવા અથવા તે કૃત્ય કરતી રોકવા માટે, વ્યક્તિને લેખતિમાં કારણોની નોંધ કરીને હુકમ કરી શકશે.

(૨) આવો હુકમ મળે કોઈપણ વ્યક્તિએ તેનું પાલન કરવું જોઈશે.

સભ્યો અને કર્મચારીઓ રાજ્યસેવક ગણાશે.

૪૫. સત્તામંડળનોદરેક સભ્ય, મુખ્ય કારોબારી અધીકારી, કમિશનર અને દરેક અધીકારી અને કર્મચારી આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલ કોઈ નિયમ અથવા વિનિયમોની જોગવાઈઓ અનુસાર કાર્ય કરતા હોય તેમ કરતા હોવાનું અભિપ્રેત હોય ત્યારે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્યસેવક છે એમ ગણાશે.

અધિનિયમ હેઠળ લીધેલાં પગલાંને રક્ષણ.

૪૬. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો અથવા વિનિમયો અથવા હુકમની જોગવાઈઓ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઈ કાર્ય માટે સત્તામંડળ અથવા સત્તામંડળના કોઈ સભ્ય, અધિકારી અથવા કર્મચારી અને મુખ્ય વહીવટી અધિકારી, કમિશ્નર અથવા કલેક્ટર સામે કોઈ દાવો, ફરિયાદ અથવા કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા.

૪૭ (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આવા નિયમોથી ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નિયમોથી ઠરાવવાની આ અધિનિયમથી સ્પષ્ટરીતે ફરમાવ્યું હોય અથવા છૂટ આપી હોય તેવી તમામ અથવા કોઈ બાબત માટે જોગવાઈ કરી શકશે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તેમાં અથવા ત્યાર પછી તરતના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને આધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કાંઈ રદ કરે અથવા કાંઈ ફેરફાર કરે તે રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

વિનિમયો કરવાની સત્તામંડળની સત્તા.

૪૮. (૧) સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વસંમતિથી, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવી શકે તે માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા



નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિમયો કરી શકશે.

(૨) આવા વિનિમયોથી ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, વિનિમયોથી નિર્દિષ્ટ કરાવવાની આ અધિનિયમથી સ્પષ્ટરીતે ફરમાવ્યું હોય અથવા છૂટ આપી હોય તેવી તમામ અથવા તે પૈકીની કોઈ બાબત માટે જોગવાઈ કરી શકશે.

મંડળીનું વિસર્જન

૪૯. કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ સત્તામંડળની સ્થાપના થાય તે તારીખે અને તે તારીખથી, મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ મંડળી તરીકે નોંધાયેલ અને આવી તારીખ પહેલાં કાર્ય કરતું ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, તે અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, (જેનો આ કલમમાં હવે પછી "વિસર્જિત સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તે વિસર્જિત થયેલું ગણાશે અને આવું વિસર્જન થયે, નીચેનાં પરિણામો આવશે :-

(૧) વિસર્જિત સત્તામંડળમાં નિહિત થયેલ તમામ સ્થાવર અને જંગમ મિલકતો અને અસક્યામતો એવી રીતે સ્થપાયેલ સત્તામંડળ (જેનો આ કલમમાં હવે પછી "અનુગામી સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને તબદીલ થશે અને તેમાં નિહિત થશે.

(૨) વિસર્જિત સત્તામંડળના તમામ હકો, જવાબદારીઓ અને દાયિત્વ (કોઈ કબૂલાતનામાં અથવા કરાર હેઠળ ઉભી થયેલ હોય તે સહિત) અનુગામી સત્તામંડળના હકો,

જવાબદારીઓ અને દાયિત્વ ગણાશે.

(૩) વિસર્જિત સત્તામંડળની તમામ લેણી રકમો, અનુગામી સત્તામંડળ દ્વારા વસુલાતને પાત્ર થશે અને આવી વસુલાતના હેતુ માટે અનુગામી સત્તામંડળ સદરહુ તારીખની તરત પહેલાં હયાત કોઈ વ્યક્તિની તમામ મર્યાદા, શરતો, હકો અથવા હિતોને અધીન રહીને વિસર્જિત સત્તામંડળ જે પગલાં લેવા સક્ષમ હોય તે માટે સક્ષમ ગણાશે.

(૪) વિસર્જિત સત્તામંડળ સાથે કરેલ તમામ કરારો અથવા તેના વતી કરવામાં આવેલ તમામ લેખો અનુગામી સત્તામંડળ સાથે કર્યા હોવાનું અથવા તેણેઅથવા તેના વતી કરેલા હોવાનું ગણાશે અને તદ્નુસાર અમલી બનશે.

(૫) સદરહુ તારીખની તરત પહેલાં વિસર્જિત સત્તામંડળ અથવા વિસર્જિત સત્તામંડળના કોઈ અધિકારી સમક્ષ નિકાલ બાકી તમામ કાર્યવાહીઓ અને બાબતો, અનુગામી સત્તામંડળને અથવા અનુગામી સત્તામંડળ આદેશ કરે તેવા અધિકારીને તબદીલ થશે.

(૬) સદરહુ તારીખે નિકાલ બાકી તમામ દાવા અને કાનૂની કાર્યવાહીઓમાં જેમાં અથવા જે માટે વિસર્જિત સત્તામંડળ એક પક્ષકાર હોય તેમાં તેને બદલે અનુગામી સત્તામંડળ મૂકવામાં આવ્યું હોવાનું ગણાશે.



(૭) વિસર્જિત સત્તામંડળ તમામ અધિકારીઓ અને કર્મચારીઓ અનુગામી સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓ ગણાશે.

(૮) કોઈ લેખમાં વિસર્જિત સત્તામંડળના કોઈપણ ઉલ્લેખનો અર્થ, કોઈ જુદો ઈરાદો જણાતો હોય તે સિવાય અનુગામી સત્તામંડળના ઉલ્લેખ તરીકે કરવો.

૫૦ (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈપણ મુશ્કેલી ઉભી થાય તો, રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી લાગે તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈ કરી શકશે : મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરાં થયા પછી, આવો કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

૫૧. સત્તામંડળે, તેના અધિકારીઓ અને કર્મચારીઓએ, મુખ્ય કારોબારી અધિકારીએ, કમિશનરે અને કલેક્ટરે, રાજ્યમાં આપત્તિ થતી અટકાવવા, આપત્તિની અસર ઓછી કરવા, સંકટ રાહત કાર્ય સરળ બનાવવા, તેનું સંકલન અને દેખરેખ નિયંત્રણ કરવા અને અપવાદ.

આપત્તિ બાદના પુનર્નિર્માણ અને પુનર્વસન માટેના પગલાંનું દેખરેખ નિયંત્રણ અને સંકલન કરવા માટે રાજ્યની કારોબારી સત્તાની રૂએ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓ અનુસાર રાજ્ય સરકારે અથવા તેના કોઈપણ અધિકારીઓ પૈકી કોઈપણ અધિકારીઓ બજાવતા હોય તે કાર્યો ઉપરાંત તેનાથી જેનું અલ્પીકરણ થશે નહિ તેવા આ અધિનિયમથી અથવા તે હેઠળ લાદેલ કાર્યો બજાવવાં જોઈશે.

સૌજન્ય : ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

GSDMA

બ્લોક નં-૧૧, ૫ મો માળ, ઉદ્યોગભવન,
ગાંધીનગર-૩૮૨ ૦૧૧.
ફોન : ૦૭૯-૩૨૫૯૨૨૦. ફેક્સ : ૦૭૯-૩૨૫૯૨૮૯.
www.gsdma.org